RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 256 Dt. 11-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### જહાજો પાસેથી ફી વસૂલવાનું તાત્કાલીક બંધ કરવા ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને ચેતવણી

# રિયાલ'માં ચૂકવો ટ્રાન્ઝિટ ફી : ઈરાન

## હોર્મુઝમાંથી પસાર થવું હોય તો ઈરાની બેંકમાં ખાતું જરૂરી : જહાજો માટે ઈરાનની કડક શરતોથી વૈશ્વિક ચિંતા

નવી દિલ્હી, તા.૧૦

હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થતા જહાજો પર કડક શરતો ઝિંકતા ઈરાનના પ્રસ્તાવે વિશ્વભરની ચિંતા વધારી દીધી છે. ઈરાને કહ્યું છે કે, હવે જે પણ જહાજે હોર્મુઝમાંથી પસાર થવું હોય તો તેણે 'રિયાલ'માં ટ્રાન્ઝિટ ફી ચુકવવી પડશે

એટલું જ નહીં ઈરાનમાં ફરજિયાત બેંક ખાતુ હોવાનો પણ પ્રસ્તાવમાં ઉલ્લેખ કરાયો છે. ઈરાનનું આ વલણ સામે આવ્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આકાર શબ્દોમાં ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે, ઈરાન જહાજો પાસેથી ફી વસૂલવાનું તાત્કાલીક બંધ કરે.

મુંબઈ સ્થિત ઈરાનના દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું છે કે, ઈરાનની સંસદમાં ૯ પોઈન્ટનો પ્રસ્તાવ લવાયો છે. આ પોઈન્ટમાં હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ફી લેવાનો પણ ઉલ્લેખ છે. ઈરાની સંસદના નેશનલ સિક્યોરિટી કમિશનના પ્રમુખે કહ્યું કે, સંસદમાં લવાયેલા પ્રસ્તાવ મુજબ હવે હોર્મુઝમાંથી પસાર થવા માટે ઈરાની ચલણમાં ફી ચૂકવવી પડશે. વાસ્તવમાં ઈરાન હોર્મુઝ જળમાર્ગ પર કડક નિયંત્રણ રાખવા ઈચ્છતું હોવાથી આ પ્રસ્તાવ લાવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મુંબઈ સ્થિત ઈરાનના દૂતાવાસની પોસ્ટમાં વધુમાં કહેવાયું છે કે, 'હોર્મુઝ જળમાર્ગની સુરક્ષા અને તેનો સતત વિકાસ કરવા માટે ઈરાને વ્યૂહાત્મક પ્લાન તૈયાર કર્યો છે. હોર્મુઝ યોજના મુદ્દે ઓમાન સાથે સરકાર સમજૂતી પણ કરી શકે છે. જોકે હોર્મુઝ યોજનામાં ઓમાન સાથેની સમજૂતી મુખ્ય બાબત નથી, પરંતુ તે બીજા વિકલ્પ તરીકેની જોગવાઈ છે.' એટલે કે ઈરાન માત્ર પોતે જ હોર્મુઝ પર નિયંત્રણ કરશે, હોર્મુઝને અડીને આવેલા ઓમાનને તેમાં કોઈ અધિકાર નહીં હોય.




બીજીતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે (US President Donald Trump) ઈરાનને કડક ચેતવણી આપી છે. તેમણે ટ્રૂથ પર પોસ્ટમાં લખ્યું છે કે, 'મને માહિતી મળી છે કે, ઈરાન હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ફી વસૂલી રહ્યું છે, આવું ન થવું જોઈએ અને જો ઈરાન ફી વસૂલી રહ્યો છે તો તેણે તુરંત ફી લેવાનું બંધ કરી દેવું જોઈએ. ટ્રમ્પો થોડી જ મિનિટો બાદ ટ્રૂથ પર વધુ એક પોસ્ટ કરી છે, જેમાં તેમણે લખ્યું છે કે, 'અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધવિરામની સમજૂતીની શરતો મુજબ હોર્મુઝને તાત્કાલીક ખોલી દેવાની વાત થઈ હતી, જોકે ઈરાન તેમાં અડચણો ઉભું કરી રહ્યું છે. ઈરાન હોર્મુઝમાંથી ઓઈલ જહાજોને મુશ્કેલીમાં મૂક્યા છે, જે ખૂબ જ ખરાબ કામ છે. લોકો ઈરાનના આ નિર્ણયને શરમજનક કહી શકે છે. અમારી વચ્ચે આવી કોઈ સમજૂતી થઈ નથી.'

---

### કેન્દ્રને તાકીદ કરીને પરિસ્થિતિ ગણાવી ગંભીર

# રશિયામાં ફસાયેલા ૨૬ ભારતીયો અંગે એક સપ્તાહમાં જવાબ આપો : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧૦

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગમાં અનિચ્છાએ લડવા મજબૂર બનેલા ભારતીયોનો મામલો હવે દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો છે. શુક્રવારે સુપ્રીમ કોર્ટે ૨૬ ભારતીય નાગરિકો વતી દખલગીરી કરવાનો નિર્ણય લીધો છે, જેમણે દાવો કર્યો છે કે તેઓ ત્યાં ફસાયેલા છે અને તેમની પાસે બળજબરીથી યુદ્ધ લડાવવામાં આવી રહ્યું છે.



મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ મામલે કેન્દ્ર સરકારને તાકીદ કરી છે. જસ્ટિસ બાગચીએ આ કેસમાં સ્પષ્ટપણે માનવ તસ્કરીનો એન્ગલ હોવાનું જણાવ્યું હતું. મુખ્ય ન્યાયધીશ સૂર્યકાંતે સૉલિસિટર જનરલ તુષાર મહેતાને સંબોધતા કહ્યું કે, એવા આક્ષેપ છે કે ગેરકાયદે ભરતી રેકેટ્સ દ્વારા નિર્દોષ યુવાનોને ઉંચા પગારની નોકરીની લાલચ આપી વિદેશ લઈ જવામાં આવે છે અને ત્યાં તેમના પાસપોર્ટ જપ્ત કરી રશિયન આર્મીમાં ભરતી કરી દેવામાં આવે છે. તુષાર મહેતાએ પણ આ પરિસ્થિતિને ખૂબ જ ગંભીર ગણાવી છે.

અરજદારો વતી હાજર રહેલા વકીલે કોર્ટને વિનંતી કરી કે, અમે રશિયામાં ફસાયેલા છીએ. અમે અનિચ્છાએ વિદેશી રાજ્ય માટે લડી રહ્યા છીએ. અમે કાં તો મૃત્યુ પામીશું અથવા ઘાયલ થઈશું. અમે અત્યંત વિકટ પરિસ્થિતિમાં છીએ. અરજીમાં દાવો કરાયો છે કે, આ યુવાનો ગેરકાયદે રિક્રુટમેન્ટ અને શોષણનો ભોગ બન્યા છે, છતાં હજુ સુધી એજન્ટો વિરુદ્ધ કોઈ FIR નોંધાઈ નથી.

અરજી દ્વારા સુપ્રીમ કોર્ટ પાસે નીચેની દિશાનિર્દેશો માંગવામાં આવ્યા છે. કોર્ટે તાત્કાલ રાજદ્વારી પગલાં લઈ રશિયામાં ભારતીય દૂતાવાસ દ્વારા આ નાગરિકોની સુરક્ષા અને તેમના ઠેકાણાની તપાસ કરવામાં આવે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેમને સુરક્ષિત રીતે ભારત પરત લાવવા માટેના પ્રયાસો તેજ કરવામાં આવે. મેડિકલ અને કાનૂની મદદ સાથે ફસાયેલા ભારતીયોને યોગ્ય તબીબી સારવાર અને કાનૂની સહાય મળે તે સુનિશ્ચિત કરવામાં આવે. ગેરકાયદે ભરતી કરનારા એજન્ટોની ઓળખ કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવા પણ નિર્દેશો અપાયા છે.

---

# પેટ્રોલ-ડીઝલ, ગેસ-કોલસાનો સમજીને કરો ઉપયોગ

નવી દિલ્હી, તા.૧૦

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને રાજકીય અસ્થિરતાએ દુનિયાભરના દેશો માટે મોટું એનર્જી સંકટ ઊભું કર્યું છે. ઈરાન દ્વારા હોર્મુઝની ખાડી પર કડક જાપ્તો લગાવી દેવામાં આવતા ઓઈલ અને ગેસ સપ્લાય ખોરવાયો છે. આ સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા ONGC ના ચેરમેન અરુણ કુમાર સિંહે જણાવ્યું કે, ૪૦ વર્ષના અનુભવમાં તેમણે ક્યારેય આવું સંકટ જોયું નથી.

એક અખબાર સાથેની વાતચીતમાં અરુણ કુમાર સિંહે મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા. અરૂણ કુમાર સિંહે કહ્યું કે, અમે ક્યારેય વિચાર્યું નહોતું કે એક દિવસ એવો આવશે જ્યારે હોર્મુઝ જેવો મહત્વનો રસ્તો બંધ થઈ જશે. આ સ્થિતિ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે તેલ સંકટ સમાન છે. દરેક દેશે પોતાની ઊર્જા સુરક્ષા અને સાર્વભૌમતૂની રક્ષા માટે કડક પગલાં લેવા પડશે. આપણે માત્ર વર્તમાન જ નહીં, પરંતુ ભવિષ્યમાં આવી શકે તેવી



ONGC ચેરમેને દેશના નાગરિકોને આપી સલાહ

ગંભીર સ્થિતિઓ માટે પણ તૈયાર રહેવું પડશે. ભારતે તેની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે મોટા પ્રમાણમાં તેલ અને ગેસનો સંગ્રહ કરવો અત્યંત જરૂરી છે.

અરુણ કુમાર સિંહે એક સચોટ ઉદાહરણ આપતા કહ્યું કે, જ્યારે પરીક્ષા નજીક હોય ત્યારે તૈયારી કરવા બેસવું જોઈએ નહીં, પરંતુ અગાઉથી સજ્જ રહેવું જોઈએ. આપણે ઊર્જાના સ્ત્રોત અને તેના ભંડારમાં વિવિધતા લાવવી પડશે. કરકસરભર્યો ઉપયોગ તેલ, ગેસ અને કોલસાની દરેક બુંદનો ઉપયોગ અત્યંત વિચારીને અને કરકસરપૂર્વક કરવો પડશે.

ભારતની વિદેશી દેશો પરની નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, LNG અને LPG ના કિસ્સામાં ભારતની નિર્ભરતા ૩૦% થી વધીને ૬૦% સુધી પહોંચી છે, જે હાલની સ્થિતિમાં ઘણી મોંઘી સાબિત થઈ રહી છે. વધારે પડતા આયાત પરના આધારને કારણે ભારતે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. હોર્મુઝ પર ઈરાનનો પહેરો છે. નોંધનીય છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે, તેમ છતાં ઈરાને હોર્મુઝની ખાડી પર કડક નિયંત્રણો રાખ્યા છે. કોઈપણ જહાજને પસાર થવા માટે ઈરાનની પરવાનગી લેવી ફરજિયાત છે. આગામી શનિવારે ઈસ્લામાબાદમાં બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણા થવાની છે, જેના પર સમગ્ર વિશ્વની નજર છે.

---

### લાઈફ જેકેટ નહોતા પહેર્યા, મદદ માટે સેના પહોંચી; તમામ પંજાબના રહેવાસી

# યમુનામાં બોટ પલટી : ૧૦ કાળનો કોળીયો

મથુરા, તા.૧૦

મથુરાના વૃંદાવનમાં યમુના નદીમાં ૩૦ પ્રવાસીઓને લઈ જતી ખાનગી બોટ પલટી ગઈ. આ દુર્ઘટનામાં ૧૦ પ્રવાસીઓ ડૂબી ગયા. જેમાં ૭ મહિલાઓ અને ૩ પુરુષોનો સમાવેશ થાય છે. મૃતકોમાં એક પતિ-પત્ની અને એક પિતા-પુત્રીનો સમાવેશ થાય છે. બોટ પર સવાર તમામ પ્રવાસીઓ બાંકે બિહારી ક્લબના સભ્યો હતા અને પંજાબથી દર્શન કરવા આવ્યા હતા. ડીએમ ચંદ્ર પ્રકાશ સિંહે જણાવ્યું હતું કે, શ્રી બાંકે બિહારી મંદિરથી લગભગ ૨ કિમી દૂર કેસી ઘાટ પર બપોરે ૩ વાગ્યે આ અકસ્માત થયો હતો. રાહત અને બચાવ કામગીરી માટે સેના પહોંચી ગઈ છે. ગાઝિયાબાદથી એનડીઆરએફની ટીમ પણ વૃંદાવન પહોંચી ગઈ છે.

પ્રવાસીઓ બે હોડીમાં સવાર હતા. એક હોડી જેમાં ૨૫ થી ૨૭ લોકો સવાર હતા તે પલટી ગઈ. દસ લોકોનાં મોત થયા છે. બાર ઘાયલોને બચાવી લેવામાં આવ્યા છે. ત્રણથી પાંચ લોકો હજુ પણ ગુમ છે. બચાવ ટીમો શોધખોળ કરી રહી છે.અકસ્માત સ્થળે લગભગ ૩૦ ફૂટ પાણી છે. અકસ્માત બાદ બોટમેન ભાગી ગયો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે બોટની ક્ષમતા ૧૫ યાત્રાળુઓ માટે હતી, પરંતુ બોટમેન ૨૫ યાત્રાળુઓને લઈ ગયો હતો. કોઈએ લાઈફ જેકેટ પહેર્યા નહોતા. કેટલાકને બોટમેન અને પોન્ટૂન બ્રિજનું સમારકામ કરનારાઓએ બચાવી લીધા હતા. આર્મી એન્જિનિયરિંગ કોપ્સના સુબેદાર અખિલેશ પાંડેએ જણાવ્યું હતું કે, ''જો પ્રવાસીઓએ લાઈફ જેકેટ પહેર્યા હોત તો તેમને બચવાનો સમય મળ્યો હોત. તેઓ લાઈફ જેકેટ સાથે એક કલાક સુધી તરતા રહી શક્યા હોત.'' અકસ્માત સંબંધિત બે વીડિયો સામે આવ્યા છે. પહેલો બોટ ડૂબ્યા પહેલાનો ૧૫ મિનિટનો છે, જેમાં લોકો 'રાધે-રાધે' ના નારા લગાવી રહ્યા છે. બીજો વીડિયો નદીમાં ડૂબતા શ્રદ્ધાળુઓનો છે.



હોડી યમુના નદીની મધ્યમાં હતી, કિનારાથી લગભગ ૫૦ ફટ દૂર. તે સમયે લગભગ ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. જોરદાર પવનમાં હોડી અચાનક હલવા લાગી. હોડીવાળાએ કાબુ ગુમાવ્યો. પ્રવાસીઓએ તેને કહ્યું, ''એક પુલ આવી રહ્યો છે, થોભો!'' પણ તેણે ના પાડી. હોડી બે વાર ટક્કરથી બચી ગઈ. ત્રીજી વાર તે અથડાઈ અને ડૂબી ગઈ હોવાનું નજરે જોનારાઓનું કહેવું હતું.

---

# ખાડી ક્ષેત્રના દેશો સાથે સતત સંપર્કમાં : કેન્દ્ર



કતાર ભારત માટે ઊર્જાનો મહત્ત્વનો સપ્લાયર : કેન્દ્રનું મોટું નિવેદન

નવી દિલ્હી, તા.૧૦

વૈશ્વિક સ્તરે બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો વચ્ચે ભારત પોતાની ઊર્જા સુરક્ષા અને પ્રાદેશિક શાંતિ માટે સક્રિય બન્યું છે. મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને ભારત સરકાર એક તરફ ખાડી દેશો સાથે વ્યૂહાત્મક સંબંધો મજબૂત કરી રહી છે, તો બીજી તરફ પડોશી દેશોની જરૂરિયાતોને પણ પ્રાધાન્ય આપી રહી છે. તાજેતરમાં વિદેશ મંત્રાલય દ્વારા લેબેનોનની સ્થિતિ અને ઊર્જા ક્ષેત્રે લેવાયેલા મહત્ત્વના પગલાં અંગે સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.દિલ્હી ખાતે વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું હતું કે, 'અમે મિડલ ઈસ્ટમાં થઈ રહેલા ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. અમે ખાડી ક્ષેત્રના દેશો સાથે સતત સંપર્કમાં છીએ. વડાપ્રધાનના નિર્દેશ પર આપણા મંત્રીઓ ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે ખાડી દેશોની મુલાકાત લઈ રહ્યા છે. વિદેશ મંત્રી હાલમાં મોરેશિયસની મુલાકાતે છે, જ્યાંથી તેઓ ૧૧ અને ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યુએઈ જશે. તેઓ ભારત-યુએઈ સંબંધોને વધુ મજબૂત કરવા માટે ત્યાંના નેતાઓ સાથે ચર્ચા કરશે.'

તેમણે વધુમાં ઉમેર્યું કે, 'આપણે આપણી ઊર્જા સુરક્ષા મજબૂત કરવાની સાથે પડોશી દેશોની વિનંતી મુજબ તેમની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સહાય પૂરી પાડી રહ્યા છીએ. અમે બે અઠવાડિયા પહેલા શ્રીલંકાને ૩૮ મેટ્રિક ટન પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો પૂરો પાડ્યો હતો. અમે તેલ અને ગેસના પુરવઠા માટે સરકાર-ટુ-સરકાર(G2G) કરારને અંતિમ ઓપ આપી રહ્યા છીએ, જે મોરેશિયસની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આપણા પેટ્રોલિયમ મંત્રી ૯ અને ૧૦ એપ્રિલના રોજ કતારની મુલાકાતે છે. હાલમાં તેઓ કતારમાં છે. કતાર ભારત માટે ઊર્જાનો મહત્ત્વનો સપ્લાયર છે. કતારના ઊર્જા મંત્રીએ ભારતને વિશ્વાસપાત્ર ઊર્જા સપ્લાયર તરીકે રહેવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી છે અને ભારત સાથે ઊર્જા સંબંધો અને સહયોગને ચાલુ રાખવા તેમજ મજબૂત કરવા ઇચ્છા વ્યક્ત કરી છે.' દિલ્હીમાં રણધીર જયસ્વાલે વધુમાં જણાવ્યું કે, 'લેબેનોનમાં મોટી સંખ્યામાં નાગરિકોના મોતના અહેવાલોથી અમે ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ. લેબેનોનની શાંતિ અને સુરક્ષા માટે કામ કરતાં યુનિફિલમાં સૈનિકો ફાળવતા દેશ તરીકે ઘટનાઓની આ દિશા ખૂબ જ ચિંતાજનક છે. ભારતે હંમેશા નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર ભાર મૂક્યો છે. આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવું અને રાજ્યોની સાર્વભૌમતૂ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું આવશ્યક છે. લેબેનોનમાં અમારું દૂતાવાસ ભારતીય સમુદાયની સુરક્ષા માટે તેમના સતત સંપર્કમાં છે.'

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે જણાવ્યું હતું કે, 'હું એ પણ જણાવવા માંગુ છું કે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીએ આજે અમારા મંત્રાલય હેઠળના તમામ બંદરો અને તમામ સંસ્થાઓ સાથે વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી છે. તેમણે બંદરો અને ડીજી શિપિંગ(DG Shipping) સહિતની તમામ સંસ્થાઓને આદેશ આપ્યો છે કે નિકાસકારો અથવા અન્ય કોઈ દ્વારા ધ્યાનમાં લાવવામાં આવેલી સમસ્યાઓનો ઉકેલ લાવવા તાત્કાલિક પગલાં લેવામાં આવે. આ પ્રદેશમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે અને છેલ્લા ૨૪ કલાકમાં ભારતીય ધ્વજ ધરાવતા કોઈપણ જહાજ સાથે કોઈ અપ્રિય ઘટના બની નથી... મંત્રાલયે અત્યાર સુધીમાં ૧,૯૨૭થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે પરત લાવવાની સુવિધા પૂરી પાડી છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૪ નાવિકોનો સમાવેશ થાય છે. નાવિકોનું કલ્યાણ અને અવિરત દરિયાઈ કામગીરી સુનિશ્ચિત કરવા માટે મંત્રાલય વિદેશ મંત્રાલય, ભારતીય મિશન અને દરિયાઈ હિતધારકો સાથે સંકલન કરવાનું ચાલુ રાખશે.'

# ગુડ ગવર્નન્સ માટે સતત ચિંતન જરૂરી : ભૂપેન્દ્ર પટેલ

## વડાપ્રધાન  નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા પર્યાવરણ સંરક્ષણ-સંવર્ધનના વિવિધ અભિયાનોના પરિણામે છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યમાં વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો વધારો થયોઃ  - મુખ્યમંત્રી



મુખ્યમંત્રી  ભૂપેન્દ્રની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં વન વિભાગની ચિંતન શિબિરનું સમાપન

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં વન વિભાગની બે દિવસીય ચિંતન શિબિરના સમાપન અવસરે જણાવ્યુ કે, ગુડ ગવર્નન્સ માટે સતત ચિંતન કરવું અત્યંત જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ટેકનોલોજીના માધ્યમથી ગુડ ગવર્નન્સની એક નવી દિશા આપી છે. તેમણે ટેક્નોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરી નાગરિકોને સરળ અને ઝડપી સેવા દ્વારા સુશાસનનો માર્ગ દર્શાવ્યો હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. વડાપ્રધાનના 'બેક ટુ બેઝિક, બેક ટુ નેચર અને મિશન લાઈફ'ના મંત્રનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જીવનશૈલીમાં પર્યાવરણને મુખ્ય સ્થાન આપીને જીવનશૈલી પર્યાવરણલક્ષી લાઈફ સ્ટાઈલની આવશ્યકતા સમજાવી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે,ગ્રીન કવર વધારીને જ ગ્લોબલ વોર્મિંગની વિનાશક અસરોમાંથી પોતાને અને આવનારી પેઢીઓને બચાવી શકાશે. મુખ્યમંત્રીએ કહ્યુ કે, પર્યાવરણ સંરક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનોની શરૂઆત કરાવી છે. આવા પર્યાવરણલક્ષી અભિયાનોના સકારાત્મક પરિણામોથી છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યમાં વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રીએ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા બંઝર જમીનમાં વધુને વધુ વૃક્ષો વાવીને રાજ્યને હરિયાળું બનાવવા પણ આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાનના અવિરત પ્રયાસો અને દિશાદર્શનના કારણે નાગરિકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ આવી છે. વૃક્ષારોપણ, પાણી સંરક્ષણ અને પર્યાવરણ જાળવણીના કાર્યોમાં જનભાગીદારી વધી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારતના સંકલ્પમાં વન વિભાગના પ્રયાસથી પર્યાવરણ સુરક્ષા સાથે ગુજરાત અગ્રેસર બનીને લીડ લેશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. વન અને પર્યાવરણ મંત્રી  અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન  નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વર્ષ ૨૦૦૩માં સૌ પ્રથમ વન વિભાગની ચિંતન શિબિર યોજાઈ હતી ત્યારબાદ આ બીજી ચિંતન શિબિર છે. આ બે દિવસીય ચિંતન શિબિરમાં વન વિભાગ અધિકારીઓમાં સમાયેલી કાર્ય શક્તિ અને આગવી ટેલેન્ટ જોવા મળી છે. આ ચિંતન શિબિરમાં વન વિભાગના વિકાસ માટે જે ચિંતન અને મંથન થયું છે તેને મુખ્યમંત્રી  ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગળ વધારીશું. મંત્રી  મોઢવાડિયાએ કહ્યું કે,વન વિભાગ અધિકારીઓએ વનની જમીન માલિકીપણાના ભાવે સાથે સાચવી રાખી છે જે વનના વિકાસ માટે જરૂરી છે. સૌથી વધુ દરિયા કિનારો ધરાવતા ગુજરાતે ઉદ્યોગોના વિકાસની વચ્ચે દરિયા કિનારે મેન્ગ્રુવના જંગલોમાં પણ વધારો કર્યો છે.

ગુજરાતમાં નર્સરી કલ્ચરને પ્રાધાન્ય આપીને ગ્રીન કવર વધારવા માટે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં વિવિધ જિલ્લાઓમાં ૮ થી ૧૦ હાઈટેક નર્સરી તૈયાર કરવાનું આયોજન છે. જેમાં એગ્રો,હોર્ટિકલ્ચર અને વન વિભાગ એમ ત્રણ પ્રકારે મોટા છોડ સાથેની નર્સરી તૈયાર કરવામાં આવશે જેથી વૃક્ષ જીવંત રહેવાનું પ્રમાણ વધી જશે. આ ઉપરાંત ગુજરાતમાં ઈકો ટુરીઝમની અપાર સંભાવનાઓ છે જેને વધુ બળ આપવામાં આવશે. આવનારા સમયમાં ભાવી પેઢી માટે ગુજરાતમાં વધુને વધુ ગ્રીન કવર તૈયાર કરીને વડાપ્રધાનના 'વિકસિત ગુજરાતથી, વિકસિત ભારત' ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા મંત્રીએ અધિકારીઓની આહ્વાન કર્યું હતું. મુખ્ય સચિવ  મનોજકુમાર દાસે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન  નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી 'ચિંતન શિબિર'ના આજે રાજ્યને સફળ પરિણામો મળી રહ્યાં છે. આવી ચિંતન શિબિરના આયોજનથી નીતિ નિર્ધારકો અને જમીની સ્તરે પર કામ કરતા વહીવટી તંત્ર વચ્ચે સીધો સંવાદ શક્ય બન્યો છે.

તેમણે રાજ્યમાં વન્યજીવોના સંરક્ષણની સફળતા અંગે ગૌરવ વ્યક્ત કરતા કહ્યું હતું કે, વન વિભાગના પ્રો એક્ટિવ એપ્રોચના પરિણામે ગુજરાતમાં સિંહોની સંખ્યા સતત વધી રહી છે. તદુપરાંત, રાજ્યમાં વાઘ અને ચિત્તાના આગમન સાથે વન્યજીવ સૃષ્ટિ પણ વધુ સમૃદ્ધ બની રહી છે. પર્યાવરણ અને વિકાસના સંતુલન પર ભાર મૂકતા મુખ્ય સચિવએ સ્પષ્ટ કર્યું હતું કે, વિકાસ અને પર્યાવરણ એકબીજાના વિરોધી નહીં પરંતુ પૂરક છે અને ટેકનોલોજીના માધ્યમથી આ બંને વચ્ચે સંતુલન જાળવવું એ આજના સમયનો મુખ્ય પડકાર છે. હાલમાં રાજ્યનો કુલ વન વિસ્તાર ૧૧ ટકા છે, જેને વધારીને ૧૩ ટકા સુધી લઈ જવા તેમણે સૌને આહ્વાન કર્યું હતું. આ લક્ષ્યને હાંસલ કરવા માટે ટેકનોલોજી અને આધુનિક વ્યવસ્થાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે પણ તેમણે તાકીદ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે વન વિભાગના અગ્ર સચિવ  વિનોદ રાવે સૌનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિર છેલ્લા બે મહિનાની સઘન તૈયારીઓનું પરિણામ છે, જેમાં પાંચ ગ્રુપ દ્વારા વન વિકાસ અને વ્યવસ્થાપન, વન્યજીવ, સામાજિક વનીકરણ, આજીવિકા અને સંસ્થાકીય સુદ્રઢીકરણ જેવા મહત્વના પાંચ વિષયો પર ગહન ચર્ચા-વિચારણા કરી છે.

આ શિબિરના તારણ રૂપે ૧૦ મહત્વપૂર્ણ સૂચનો રજૂ કરવામાં આવ્યા છે, જેનો ઉલ્લેખ કરતા અગ્ર સચિવએ કહ્યું હતું કે, રાજ્યમાં વધારાના એક લાખ હેક્ટરમાં મેન્ગ્રોવ્સ અને એક લાખ હેક્ટર વિસ્તારમાં ગ્રાસલેન્ડ વિકસાવવા ઉપરાંત આગામી બે વર્ષમાં બાકી રહેલા જિલ્લાઓમાં સાંસ્કૃતિક વન તૈયાર કરવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

વધુમાં, વનીકરણના સફળ મોડલ એવા 'વન કવચ'ને વર્ષ ૨૦૩૫ સુધીમાં ૧૦ થી ૧૫ હજાર ગ્રામ પંચાયતો સુધી લઈ જવાનું અને પીપીપી મોડલ દ્વારા ઈકો ટુરિઝમ પોલિસી અમલી બનાવી લોકોની આજીવિકા વધારવાનું આયોજન છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં વન વિભાગ તમામ સૂચનો પર કામ કરીને આગામી સમયમાં પરિણામલક્ષી કામગીરી કરશે. કાર્યક્રમના અંતે વન વિભાગના વડા અને અગ્ર મુખ્ય વન સંરક્ષક ડો. જયપાલ સિંઘે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં વન રાજ્ય મંત્રી  પ્રવિણભાઈ માળી, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર ડો. એ. પી. સિંઘ સહિત વન અને પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૫ એપ્રિલ બાદ જાહેર થશે સંવેદનશીલ અતિ સંવેદનશીલ મતદાન મથક

## ચૂંટણીની તૈયારીઓને વહીવટી તંત્રનો આખરી ઓપ : મોડી રાત સુધી કચેરીઓ

રાજકોટ, તા. ૧૧


હાલ રાજ્ય સરકારની સાથોસાથ, રાજ્ય ચૂંટણી પંચ અને સ્થાનિક પ્રશાસન શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાઈ તે માટે એલર્ટ મોડ પર આવી ગયું છે. સમયાંતરે બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે અને મોડી રાત્રી સુધી કચેરીઓ પણ ધમધમી રહી છે. હાલ વહીવટી તંત્ર દ્વારા સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો ની યાદી તૈયાર કરવામાં આવશે જે કામગીરી ૧૫ એપ્રિલ બાદ હાથ ધરાશે તેવું વહીવટી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું..

રાજકોટ મહાનગરપાલિકાની ૧૮ વોર્ડની કુલ ૭૨ બેઠકો માટે આગામી ૨૬ એપ્રિલના રોજ ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણીની તારીખ નજીક આવતા જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ઉમેદવારી ફોર્મ ભરવા માટે આજે અંતિમ દિવસ હોવાથી રાજકીય પક્ષોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ તરફથી ૪૪ જેટલા ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. અત્યાર સુધીમાં અલગ અલગ ૬૦ જેટલા ફોર્મો જમા થયા છે. જેમાં અપક્ષ સહિતના ઉમેદવારોએ ફોર્મ જમા કરાવ્યા છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે ચૂંટણીની તૈયારીઓ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી રાજકોટ મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં વેબકાસ્ટિંગ થાય તેવી શક્યતાઓ ઘણી ઓછી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મતદાન મથકોની સમીક્ષા ચાલી રહી છે અને આગામી ૧૫ એપ્રિલ બાદ સંવેદનશીલ તથા અતિસંવેદનશીલ કેન્દ્રોની અંતિમ યાદી જાહેર કરવામાં આવશે.જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે વ્યાપક મતદાન જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમ રાજકોટ શહેર ઉપરાંત જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓમાં યોજાશે.


ગ્રામ્ય સભાઓના માધ્યમથી મતદારોને ઊટખ મશીનનો વપરાશ, મતદાન મથકોની સચોટ માહિતી અને મતદાનના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવશે. શહેરમાં વોલ પેન્ટિંગ, પોસ્ટર, બેનર તેમજ ડિજિટલ મીડિયાના માધ્યમથી મતદાન પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. ચૂંટણીને સંપૂર્ણપણે નિષ્પક્ષ, શાંતિપૂર્ણ અને મુક્ત વાતાવરણમાં સંપન્ન કરવા માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સતર્ક બની ગયું છે. રાજકોટ જિલ્લામાં ૩૦૦થી વધુ મથકોને સંવેદનશીલ અને ૬૦થી વધુ મથકોને અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.

બીજી તરફ સ્થાનિક પ્રશાસનમાં ખાસ કરીને જિલ્લા વહીવટી વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે અને અનેકવિધ જાહેરનામાઓ પણ પ્રસિદ્ધ કરી દેવાયા છે જેથી ચૂંટણી સમયે કોઈપણ પ્રકારની અગવડતા નો સામનો ન કરવો પડે અને શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ. હાલ રાજ્ય ચૂંટણી પંચ અને રાજ્ય સરકાર સતત જિલ્લા વહીવટી તંત્ર સાથે સંપર્ક સાદી રહ્યું છે અને જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી રહી છે. ત્યારે વહીવટી વિભાગના જણાવ્યા અનુસાર હાલ ચૂંટણીલક્ષી કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.




## ૧૪૫૬ લોકો પર થયો સર્વેઃ ડ્રાઈવિંગ સમયે લોકોની કેવી માનસિકતા તે અંગે મેળવ્યો ચિતાર

# ટ્રાફિક દરમ્યાન સતત હોર્ન વગાડવું નકારાત્મક માનસિકતા



રાજકોટ, તા. ૧૧

ટ્રાફિક જામ, બંધ સિગ્નલ કે રેલ્વે ફાટક જેવા સંજોગોમાં, જ્યાં પરિસ્થિતિ આપણા હાથમાં નથી, ત્યાં સતત હોર્ન વગાડવા કે ઉતાવળ કરવી એ મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત ગંભીર અને નકારાત્મક માનસિકતાના લક્ષણો છે. આવા લોકો પર ગુસ્સો કરવાને બદલે દયા રાખવી જોઈએ કેમ કે તેઓ માનસિક તકલીફમાં છે તેની તેમને ખબર નથી. પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા આર. દોશીના માર્ગદર્શનમાં ૧૪૫૬ લોકો પર સર્વે હાથ ધરવામાં આવ્યો. આ સર્વે ભારતીય રસ્તાઓ પર ડ્રાઈવિંગ કરતી વખતે લોકોની માનસિકતાના અનેક સ્તરોને ઉજાગર કરે છે.

### ટ્રાફિક સમસ્યા નિવારવા શું કરવું જોઈએ

**૧. સમયનું આયોજન (Time Management)**
સર્વેમાં ૩૭.૩% લોકો ઉતાવળનો અનુભવ કરે છે. આ ઉતાવળ જ અકસ્માતનું મૂળ કારણ બને છે. સાવચેતીઃ ગંતવ્ય સ્થાને પહોંચવા માટે જે સમય લાગે તેના કરતા હંમેશા ૧૦-૧૫ મિનિટ વહેલા નીકળવાની આદત પાડો. જ્યારે તમે સમયસર હશો, ત્યારે તમારું મગજ શાંત રહેશે અને તમે જોખમી ઓવરટેક કરવા પ્રેરાશો નહીં.

**૨. 'સ્વેગ' નહીં, 'સુરક્ષા'ને પ્રાધાન્ય આપો**
સર્વે મુજબ ૭૨.૪% લોકો નિયમ તોડવાને સ્માર્ટનેસ માને છે. આ એક અત્યંત ખતરનાક માનસિકતા છે.
સાવચેતીઃ યાદ રાખો કે નિયમ તોડવો એ બહાદુરી નથી પણ બેજવાબદારી છે. હેલ્મેટ પહેરવું, સીટ બેલ્ટ બાંધવો કે સિગ્નલ પર ઊભા રહેવું એ તમારી અને તમારા પરિવારની સુરક્ષા માટે છે, પોલીસ માટે નહીં.

**૩. સામાજિક જવાબદારી અને પાર્કિંગ**
૧૯% લોકો 'ર મિનિટ' માટે ગમે ત્યાં પાર્કિંગ કરવું યોગ્ય માને છે, જે ટ્રાફિક જામનું મુખ્ય કારણ છે.
સાવચેતીઃ વાહન પાર્ક કરતી વખતે હંમેશા એ વિચારો કે ''શું મારા વાહનથી કોઈ એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ અટવાશે?'' જો જવાબ 'હા' હોય, તો ભલે થોડું દૂર ચાલવું પડે પણ વાહન યોગ્ય જગ્યાએ જ પાર્ક કરો.

**૪. રોડ રેસ અને ગુસ્સા પર નિયંત્રણ**
૩૨.૭% લોકો ધીમા વાહન પર ગુસ્સે થાય છે અને ૩૩.૭% લોકો ઓવરટેક કરવાની હોડમાં ઉતરે છે.
સાવચેતીઃ રસ્તા પર કોઈ તમને ઓવરટેક કરે કે ભૂલ કરે, ત્યારે તેને 'ઈગો' (અહંકાર) પર લેવાને બદલે જતી કરવાની ભાવના કેળવો. રસ્તો એ રેસનો ટ્રેક નથી. તમારી એક ક્ષણની શાંતિ કોઈનો જીવ બચાવી શકે છે.

**૫. સ્વયં-શિસ્તનો અભાવ**
૬૨.૮% લોકો કેમેરા ન હોય તો સિગ્નલ તોડવાનું વિચારે છે.
સાવચેતીઃ ''કોઈ નથી જોતું'' એમ માનીને નિયમ ન તોડો. અકસ્માત માટે કેમેરાની જરૂર હોતી નથી, તે એક નાની ભૂલથી પણ થઈ શકે છે. સાચા શિસ્તબદ્ધ નાગરિક ત્યારે જ કહેવાય જ્યારે કોઈ ન જોતું હોય તો પણ આપણે નિયમ પાળીએ.

**૬. અન્ય પ્રત્યે સંવેદનશીલતા**
૬૦% લોકો માને છે કે મોટા વાહનવાળા નાના વાહનવાળાને ઓછું મહત્વ આપે છે.
સાવચેતીઃ જો તમે મોટું વાહન ચલાવતા હોવ, તો તમારી જવાબદારી બમણી છે. સાયકલ સવાર, પદયાત્રી અને પશુઓ પ્રત્યે ઉદાર બનો અને તેમને પહેલા રસ્તો આપો.

### રોડ સેફ્ટી અને ટ્રાફિક શિસ્ત સર્વેઃ પ્રશ્નો અને પરિણામો

૧. તમે સામાન્ય રીતે રસ્તા પર હોવ ત્યારે કેવો અનુભવ કરો છો ? પરિણામઃ ૫૪.૩% શાંત, ૩૭.૩% ઉતાવળિયા, ૮.૧% ગુસ્સાનો અનુભવ. ૨. શું તમને વાહન ઝડપથી ચલાવતી વખતે સાહસ કે આનંદનો અનુભવ થાય છે અથવા શું તમે માનો છો કે ઝડપ એ સફળતા કે મર્દાનગીની નિશાની છે?  પરિણામઃ ૩૬.૯% હા (સફળતા/મર્દાનગી), ૬૩.૧% ના. ૩. જ્યારે તમે કોઈને જોખમી સ્ટંટ કરતા જુઓ છો ત્યારે તમને તે બહાદુરી લાગે છે કે મૂર્ખામી? પરિણામઃ ૨૭.૨૦% બહાદુરી, ૭૨.૮% મૂર્ખામી. ૪. ટ્રાફિક સિગ્નલ બંધ હોય ત્યારે હોર્ન વગાડવાથી જલ્દી ખુલી જશે એવું તમને લાગે છે? પરિણામઃ ૧૫% હા, ૮૫% ના. ૫. જો આગળનું વાહન થોડું ધીમું હોય તો શું તમને તરત જ ગુસ્સો આવે છે? પરિણામઃ ૩૨.૭% હા, ૬૭.૩% ના. ૬. ''માત્ર ૨ મિનિટ માટે જ ઊભું રહેવું છે'' એમ વિચારીને રસ્તા વચ્ચે વાહન પાર્ક કરવું તમને યોગ્ય લાગે છે? પરિણામઃ ૧૯% યોગ્ય, ૮૧% અયોગ્ય. ૭. શું તમે ક્યારેય એવો વિચાર કર્યો છે કે તમારા ખોટા પાર્કિંગથી કોઈ એમ્બ્યુલન્સ કે જરૂરિયાતમંદ વ્યક્તિ અટવાઈ શકે છે? પરિણામઃ ૮૧.૫% એ વિચાર કર્યો છે, ૧૮.૫% એ નથી કર્યો. ૮. રેલ્વે ફાટક બંધ હોય ત્યારે રોંગ સાઈડમાં વાહન ઉભું રાખી આગળ નીકળી જવાની વૃત્તિ પાછળનું મુખ્ય કારણ? પરિણામઃ ૨૭.૬% સમયની બચત, ૩૭.૩% દેખાદેખી, ૩૫.૧% અન્ય. ૯. નંબર પ્લેટ ગંદી કે અસ્પષ્ટ રાખવા પાછળનો હેતુ કાયદાથી બચવાનો હોય છે કે આળસ? પરિણામઃ ૪૪.૧% કાયદાથી બચવા, ૫૫.૯% આળસ. ૧૦. શું તમને લાગે છે કે જો દંડ ન હોય, તો લોકો ટ્રાફિકના નિયમો પાળશે ખરા? પરિણામઃ ૫૨% પાળશે, ૪૮% નહીં પાળે. ૧૧. શું ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવું એ લોકો માટે હવે 'સ્વેગ' કે 'સ્માર્ટનેસ' બની ગયું છે? પરિણામઃ ૭૨.૪% હા, ૨૭.૬% ના. ૧૨. રસ્તા પર શિસ્ત લાવવા માટે કડક કાયદા વધુ જરૂરી છે કે લોકોની માનસિકતામાં બદલાવ? પરિણામઃ ૩૧.૬% કડક કાયદા, ૬૮.૪% માનસિકતામાં બદલાવ. ૧૩. શું તમે ક્યારેય તમારા મિત્રો કે અન્ય વાહનચાલકોને જોઈને વધુ ઝડપથી વાહન ચલાવ્યું છે? પરિણામઃ ૨૮.૧% હા, ૭૧.૯% ના. ૧૪. જ્યારે કોઈ બીજા નિયમ તોડે છે, ત્યારે શું તમને એવું લાગે છે કે જો તે તોડે છે તો હું કેમ નહીં? પરિણામઃ ૨૨.૯% હા, ૭૭.૧% ના. ૧૫. તમે ટ્રાફિક નિયમો કેમેરા કે પોલીસને જોઈને પાળો છો કે તમારી પોતાની સુરક્ષા માટે? પરિણામઃ ૪૬.૨% પોલીસ/કેમેરા જોઈને, ૫૩.૮% પોતાની સુરક્ષા માટે. ૧૬. જો તમને ખબર હોય કે આ રસ્તા પર કોઈ કેમેરા નથી, તો શું તમે સિગ્નલ તોડવાનું વિચારશો? પરિણામઃ ૬૨.૮% હા (વિચારશે), ૩૭.૨% ના. ૧૭. શું તમને લાગે છે કે મોટું કે મોંઘું વાહન ચલાવનારા લોકો રસ્તા પર અન્ય નાના વાહનચાલકોને ઓછું મહત્વ આપે છે? પરિણામઃ ૬૦% હા, ૪૦% ના. ૧૮. જ્યારે કોઈ તમને રસ્તા પર ઓવરટેક કરે છે, ત્યારે શું તમને તેને પાછળ છોડી દેવાની પ્રબળ ઈચ્છા થાય છે? પરિણામઃ ૩૩.૭% હા, ૬૬.૩% ના. ૧૯. શું તમે અનુભવ્યું છે કે તમારી અવિચારી ડ્રાઈવિંગને કારણે કોઈ પદયાત્રી કે પશુ ગભરાઈ ગયું હોય? પરિણામઃ ૪૫.૮% હા, ૫૪.૨% ના. ૨૦. નિયમ તોડ્યા પછી દંડ ભરો ત્યારે તમે 'ભૂલ કરી' એવો અફસોસ અનુભવો છો કે 'પૈસા વેડફાયા' તેનો ગુસ્સો? પરિણામઃ ૪૬.૮% અફસોસ, ૫૩.૨% પૈસા વેડફાયાનો ગુસ્સો. ૨૧. ટ્રાફિક જામ માટે તમે હંમેશા સરકાર કે બીજાને દોષ આપો છો કે પોતાની ભૂલનો પણ સ્વીકાર કરો છો? પરિણામઃ ૬૫.૫% પોતાની ભૂલનો સ્વીકાર, ૩૭.૩% બીજાને દોષ આપે છે.

# ડ્રગ્સ માફિયાઓ સામે 'AI'નો ઉપયોગ

## ગુજરાત રાજ્ય ડ્રગ્સ સંબંધિત ગૂનાઓને નેસ્તનાબૂદ કરવા માટે મક્કમ છે, આ નેટવર્ક તોડી પાડવા માટે જે કંઇ પણ કરવુ પડે તે માટે અમે કટિબદ્ધ છીએઃ હર્ષ સંઘવી




રાજકોટ, તા. ૧૦

રાજ્યમાં નાર્કોટિક્સ સંબંધિત ગુનાઓ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવતા ગુજરાત પોલીસે "NARIT AI' (Narcotics Analysis RAG-based Investigation Tool) નામનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ટૂલ લોન્ચ કર્યુ છે. આ પહેલનો હેતુ નાર્કોટિક્સ સંબંધિત તપાસને અસરકારક બનાવવાનો છે અને કોર્ટમાં ટ્રાયલ દરમિયાન કેસને વધુ મજબૂત બનાવી આરોપીઓને સજા અપાવવાનો છે.

મહત્વની વાત એ છે કે, આ ટૂલ દરેક કેસ સંદર્ભે કાનૂની જોગવાઈઓ, કાયદા અને તપાસ પ્રક્રિયાઓને એકઠી કરીને તપાસ અધિકારીઓને રિયલ-ટાઈમ વિશ્લેષણ કરી કાનુની સલાહ પણ આપે છે. ભારતમાં કોઈપણ રાજ્ય પોલીસ અથવા કાયદાનો અમલ કરતી એજન્સી દ્વારા ઉપયોગમાં લેવાતું આ પ્રથમ પ્રકારનું AI આધારિત ટૂલ છે. આ એપ્લિકેશન પશ્ચિમ રેલવે પોલીસ, વડોદરા વિભાગ દ્વારા મુંબઈ સ્થિત AI સ્ટાર્ટઅપના સહયોગથી વિકસાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય ડ્રગ્સ સબંધિત ગૂનાઓને નેસ્તનાબૂદ કરવા માટે મક્કમ છે. આ સમગ્ર નેટવર્ક તોડી પાડવા માટે જે કંઇ પણ કરવુ પડે તે માટે અમે કટિબદ્ધ છીએ. ડ્રગ્સ સંબંધિત ગુનાઓની અસરકારક તપાસ થાય અને આરોપીઓ સામે અસરકારક કાનુની ગાળિયો બંધાય તે માટે અમે જરૂરી તમામ વ્યવસ્થા ઉભી કરી છે અને ટેકનોલોજીની મદદથી આ કાર્ય બધુ મજબૂત બનશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે નાર્કોટિક્સ સંબંધિત ગુનાઓ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને આવા ગંભીર ગુનાઓને રોકવા માટે અને તેની કડક તપાસ થાય તે માટે તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

અગાઉ તપાસ માત્ર વિશેષ તાલીમ પ્રાપ્ત પોલીસ સ્ટાફ દ્વારા હાથ ધરાતી હતી, જેના કારણે કામનો ભાર અને વહીવટી વિલંબ સર્જાતો હતો. આ ટૂલ નવીન RAG આધારિત અઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને 'ફોર્સ મલ્ટિપ્લાયર' તરીકે કાર્ય કરશે અને દરેક તપાસ અધિકારીને નિયમો મુજબ યોગ્ય તપાસ કરવાની સક્ષમતા આપશે, જેના કારણે NDPS કેસોમાં કન્વિક્શન રેટ સુધરશે. આ એપ્લિકેશન હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક કેસો, બેર એક્ટ્સ અને સરકારી માર્ગદર્શિકાઓ પર તાલીમિત હોવાથી 'હેલ્યુસિનેશન'ની શક્યતા ખૂબ ઓછી છે અને તપાસ અધિકારીને વૈજ્ઞાનિક ઢબે તપાસમાં મદદરૂપ થાય છે, અભય સોની, પોલીસ વડા, વેસ્ટર્ન રેલ્વે, વડોદરા, એ જણાવ્યું. આ એપ્લિકેશન બનાવવામાં તેમની મહત્વની ભૂમિકા છે.

### તપાસ અધિકારીઓને કેવી રીતે મદદરૂપ થશે?

સૌપ્રથમ, પોલીસ અધિકારીએ FIR આ એપ્લિકેશનમાં અપલોડ કરવી પડશે. અપલોડ થયા પછી સિસ્ટમ વિશ્લેષણ રિપોર્ટ તૈયાર કરશે. આ રિપોર્ટ કેસની મજબૂતીઓ અને નબળાઈઓનું મૂલ્યાંકન કરશે અને કાનૂની ઉપાયો સૂચવશે. આ ટેક્નોલોજી NDPS સંબધિત કેસોમાં પોલીસ કર્મચારીઓને તપાસમાં માર્ગદર્શન પૂરુ પાડશે, જેમાં હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓના આધારે સૂચનો, કાનૂની પ્રક્રિયાનો પાલન, FIRની કાનૂની દ્રષ્ટિએ નબળાઈઓની ઓળખ, શુ કરવુ અને શુ ન કરવુ તેની સલાહ આપશે અને પુરાવાઓનું ચેકલિસ્ટ પણ આપશે. આ એપ્લિકેશન તપાસ અધિકારીઓને પ્રક્રિયાત્મક ભૂલો ટાળવામાં મદદરૂપ થશે.

### AI આધારિત સિસ્ટમ શું કરે છે?

આ એપ્લિકેશન FIRની માહિતી ઇનપુટ તરીકે લઈ કેસનું વિગતવાર વિશ્લેષણ કરે છે અને રિપોર્ટ જનરેટ કરે છે. આ મોડલ નવીન RAG આધારિત AI ટેક્નોલોજી પર આધારિત છે અને NDPS કેસોમાં જામીન અને ટ્રાયલ સંબંધિત હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ, ઇગજ, ઇગજ્જ, ઇજ્અના બેર એક્ટ્સ, NDPS એક્ટ, ૧૯૮૫ તેમજ સરકારી માર્ગદર્શિકા અને સર્ક્યુલર્સ પર આધારિત છે..છઅ્રૃ ટેક્નોલોજી આધારિત આ AI સિસ્ટમ માત્ર તેને આપેલા ડેટાબેઝનો ઉપયોગ કરીને FIRનું વિશ્લેષણ કરે છે અને ઓપન ઇન્ટરનેટ સર્ચ પર આધાર રાખતી નથી, જેના કારણે 'હેલ્યુસિનેશન'ની શક્યતા દૂર થાય છે. આ એપ્લિકેશન ગુજરાત હાઈકોર્ટની તાજેતરની AI ઉપયોગ સંબંધિત માર્ગદર્શિકાનું પાલન કરે છે અને તે મુજબ આ એક ખાનગી AI સિસ્ટમ તરીકે વર્ગીકૃત છે, જે ખાસ કરીને ગુજરાત પોલીસ માટે વિકસાવવામાં આવી છે અને સામાન્ય જનતા માટે ઉપલબ્ધ નથી.

### કોર્ટ ટ્રાયલમાં પણ માર્ગદર્શન આપશે

આ એપ્લિકેશન તપાસ માર્ગદર્શિકા આપવા ઉપરાંત, કોર્ટમાં સંભવિત બચાવ દલીલોનું પૂર્વાનુમાન લગાવી શકે છે અને હાઈ કોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક કેસ કાયદાના આધારે તેનો પ્રતિભાવ પણ સૂચવે છે. RAG આધારિત AI ટેક્નોલોજી 'હેલ્યુસિનેશન' (ખોટી ધારણા)ને ઓછી કરે છે અને કાનૂની જોગવાઈઓ અને કેસ કાયદા પર આધારિત ચોક્કસ પરિણામો આપે છે.

# જિલ્લામાં ૧૨ અસામાજિક તત્વો હદપાર

## ૧૫૦૫ ઈસમો સામે અટકાયતી પગલાં : કાયદો વ્યવસ્થા જાળવવા તંત્ર દ્વારા કડક કામગીરી , ૨૭૦૦ થી વધુ વાહનોનું ચેકિંગ


રાજકોટ તા. ૧૦

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અન્વયે રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન સાથે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. પ્રાંત અધિકારી દ્વારા માર્ચમાં નવ અને એપ્રિલમાં ત્રણ મળીને ૧૨ ઈસમોને હદપાર કરવામાં આવ્યા છે. જ્યારે જિલ્લામાં અતિ સંવેદનશીલ, સંવેદનશીલ અને સામાન્ય વિસ્તારોમાં આદર્શ આચારસંહિતાના પાલન સાથે ૧થી ૮ એપ્રિલ સુધીમાં વિવિધ કલમો હેઠળ ૧૫૦૫ ઈસમો સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે.

જિલ્લામાં 'પાસા' હેઠળ કુલ છ કેસોમાં અટકાયતી હુકમ કરવામાં આવ્યા છે. જિલ્લાના કુલ ૧૨૦૬ હથિયારો પૈકી ૧૧૦૬ હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા લેવામાં આવ્યા છે. ૮૬ પરવાનેદારોને જાહેરનામા મુજબ હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ અપાઈ છે, જ્યારે પાંચ કેસોમાં હથિયાર જપ્ત અથવા રદ કરવામાં આવ્યા છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના સરળ સંચાલન સાથે, ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ કુલ ૧૫ અલગ-અલગ પ્રકારના જાહેરનામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં ૨૧ ચેકપોસ્ટ કાર્યરત કરીને કુલ ૨૭૨૪ વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું છે. જો કે કોઈ વાંધાજનક બાબતો સામે આવી નથી. ઉપરાંત નવ લિસ્ટેડ હિસ્ટ્રીશીટર અને છ જુગારીઓને ચેક કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા મેજિસ્ટ્રેટની સૂચના અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની રાહબરી હેઠળ ૬૦ બુટલેગર્સ પર સફળ રેડ કરવામાં આવી છે. જિલ્લામાં રૂ. ૨,૦૫,૮૦૦ની કિંમતનો દેશી દારૂ અને રૂ. ૫,૬૮,૭૧૬ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

# ચૂંટણી માટે ૫૫૪ ફોર્મ ભરાયા



રાજકોટ તા. ૧૦

રાજકોટ મહાનગર પાલિકા તેમજ ગોંડલ નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની બેઠકો માટે અત્યાર સુધીમાં કુલ ૫૫૪ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જિલ્લાના ચૂંટણી તંત્રના જણાવાયા મુજબ, રાજકોટ જિલ્લામાં ૧૧ તાલુકા પંચાયતની કુલ ૨૦૨ બેઠકોની ચૂંટણી માટે ૯મી એપ્રિલે ૭૦ અને ૧૦મી એપ્રિલે ૨૨૯ મળીને અત્યાર સુધીમાં કુલ ૨૯૯ ઉમેદવારી ફોર્મ ભરાઈને પરત આવ્યા છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકોની ચૂંટણી માટે ૯મી એપ્રિલે ૦૯ તથા ૧૦મી એપ્રિલે ૫૧ મળીને અત્યાર સુધીમાં કુલ ૬૦ ફોર્મ ભરાયા છે. ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૦મી એપ્રિલે ૦૬ ફોર્મ મળીને અત્યાર સુધીમાં ૦૬ ફોર્મ ભરાયા છે. રાજકોટ મહાનગર પાલિકામાં ૧૮ વોર્ડમાં યોજાનારી ચૂંટણી માટે ૯મી એપ્રિલે ૧૧ જ્યારે ૧૦મી એપ્રિલે ૧૭૮ મળીને અત્યાર સુધીમાં કુલ ૧૮૯ નામાંકન થયા છે. આમ ૯મી એપ્રિલે કુલ ૯૦ તથા ૧૦મી એપ્રિલે કુલ ૪૬૪ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

### કોંગી આગેવાન પ્રવીણ સોરાણીએ પત્નીના બદલે માંગી ટિકિટ : વિરોધનો સુર

# વોર્ડ ૧૫નું સસ્પેન્સ યથાવત

રાજકોટ, તા. ૧૦

કોંગ્રેસ માટે વોર્ડ નંબર ૧૫ નો પ્રશ્ન અત્યંત જટિલ બની ગયો છે કારણ કે ખુદ કોર્પોરેટર પ્રવીણ સોરાણીએ પોતાના પત્નીની જગ્યાએ પાર્ટી પાસેથી ટિકિટ માંગી છે જેને લઈને હજુ સુધી વોર્ડ નંબર ૧૫ ના ઉમેદવારોની જાહેરાત પક્ષ દ્વારા કરવામાં આવી નથી. ત્યારે પક્ષ સુ નિર્ણય લેશે તે જોવાનું રહ્યું અને જો પ્રવીણભાઈ ને ટિકિટ આપવામાં આવે તો વશરામ સાગઠીયાને પણ ખોટું લાગી શકે તેમ છે ત્યારે શું સ્થિતિ નું નિર્માણ થશે તે જોવાનું રહ્યું.



રાજકોટ મનપાની ચૂંટણી માટે વોર્ડ નં.૧૫ના ઉમેદવાર જાહેર કરવામાં કોંગ્રેસને મોટી કસરત થઈ છે. દરમ્યાન ખેંચતાણ વચ્ચે પૂર્વ કોંગી કોર્પોરેટર પ્રવિણ સોરાણીએ પોતાના પત્નીને નહીં પોતાને જ પાર્ટી ટિકિટ આપે તેવો છેલ્લો આગ્રહ કરી અલ્પ વિરામ મુકી દીધો છે.પૂર્વ વિપક્ષી નેતા ભાનુબેન સોરાણી તબીયતના કારણોથી હવે ચૂંટણી લડી શકે તેમ નથી. આથી કોળી સમાજમાં પ્રભુત્વ ધરાવતા પૂર્વ નગરસેવક પ્રવિણ સોરાણીએ પોતાના માટે ટિકિટ માંગી હતી.

પણ આ બેઠક પર વશરામભાઇ સાગઠીયા અને મકબુલ દાઉદાણી નક્કી મનાય છે. આથી પાર્ટી એ ભાનુબેનને ટિકિટ આપવા તૈયારી દર્શાવી હતી. હાલ વોર્ડ નંબર ૧૫ નું સસ્પેન્સ આજે પણ યથાવત જોવા મળી રહ્યું છે ત્યારે પક્ષ શું કરશે તે જોવાનું રહ્યું કારણ કે આજે ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે ત્યારે જ્ઞાતિનું સમીકરણ અને દિગ્ગજ આગેવાનોને સાચવવા માટેના દરેક પ્રયત્નો કોંગ્રેસ કરશે તેવું હાલ સૂત્રો કહી રહ્યા છે. ગત વખતે વોર્ડ નંબર ૧૫ ની ચારે ચાર બેઠક કોંગ્રેસે અંકે કરી હતી. ત્યારે આશા છે કે આ વખતે પણ કોંગ્રેસ આ બાબત ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરશે.

# વિજય મુહર્તમાં ભાજપના ઉમેદવાર ભરશે નામાંકન પત્ર

## તૈયારીઓને આખરી ઓપ : પ્રદેશ કક્ષાએ છેલ્લે સુધી સસ્પેન્સ યથાવત

રાજકોટ, તા. ૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે . અત્યારે સ્થાનિક પ્રશાસન અને રાજકીય પક્ષો દ્વારા એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે મળતી માહિતી મુજબ આજે વિજય મુહૂર્તમાં મહાનગરપાલિકાના ભાજપના ઉમેદવારો વિજય રેલી યોજી આવેદનપત્ર ભરવા પહોંચશે. જે માટેની વ્યવસ્થા ગઈકાલથી જ શરૂ કરી દેવામાં આવી હતી. ત્યારે હાલ અનેકવિધ ઉમેદવારો ને અપેક્ષા નહોતી તે પ્રકારનું પરિણામ આવ્યું છે.

રાજકોટ-છબ્બઈની ચૂંટણી માટે ભાજપનું ઉમેદવારોનું કોંકડું ગુચવાયું છે. બે વખત સંકલન થયાં બાદ આજે ફરી પાર્લામેન્ટ્રી બોર્ડમાં રાજકોટના નામોની ચર્ચા થઈ છે. ભાજપના માપદંડ અને નેતાઓના લોબીંગ વચ્ચે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો છે. રાજકોટમાં લોબિંગને કારણે નિર્ણય લેવામાં વિલંબ થઈ રહ્યો છે. ભાજપના માપદંડ પ્રમાણે જો મોટા નેતાની ટિકીટ કપાઈ તો તેના પ્રબળ ટેકેદારને ટિકીટ આપવા મથી રહ્યા છે. ત્રણ ટર્મ, પરિવારવાદ જેવા માપદંડોથી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જટિલ બની છે. રાજકોટમાં જુથવાદની અસર પણ જોવા મળી છે.

ભાજપના ઉમેદવારો જે નક્કી થશે તેના પર દરેકની મીટ મંડાયેલી છે એટલું જ નહીં કાર્યકરોમાં કોણ ફાવશે અને કોનું પત્તું ચાલશે તે જોવાનું રહ્યું. રાજકોટ ભાજપના ઉમેદવારો નક્કી કરવામાં હાલ અનેકવિધ પ્રકારની તકલીફો નો સામનો પ્રદેશ ભાજપે કરવો પડ્યો છે અને એ વાતની ગંભીરતાને ધ્યાને લઈ આવનારા દિવસોમાં તેની શું અસર પડશે તે પણ જોવાનું રહ્યું પરંતુ જે ઉમેદવારોને નક્કી કરવામાં આવ્યા છે તે યોગ્યતા સાબિત કરી શકશે કે કેમ તે અંગે પણ રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે.

ભાજપના અનેક વર્તમાન કોર્પોરેટરોના અથવા તો બધાના નામો કપાઈ જાની શંકા-આશંકાઓ વચ્ચે ટિકિટ દાવેદારોના ધબકારા વધી ગયા છે તો અમુક ટિકિટ વાંચ્છુઓને તેમના ગોડફાધરોએ તૈયારી કરવા ટેલિફોનીક સુચના આપી દીધાનું જાણવા મળે છે. રાજકોટ મનપા માટે ભાજપે હજુ સુધી સત્તાવાર રીતે ઉમેદવારોના નામોની જાહેરાત કરી નથી. તેમ છતાં સંગઠન દ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા અને શક્તિ પ્રદર્શનની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

શહેર ભાજપના અગ્રણીઓ દ્વારા પક્ષમાં કોઈપણ પ્રકારના જૂથવાદ કે આંતરિક ખેંચતાણ હોવાની વાતોને સ્પષ્ટપણે નકારી કાઢી હતી. પક્ષનું સંગઠન અત્યારથી જ ચૂંટણી લડવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આજે વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરવા માટે રાજકોટ શહેર ભાજપ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે શહેરના બહુમાળી ભવન ચોક ખાતે 'વિજય વિશ્વાસ સંમેલન' યોજાશે. આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે ભાજપના અગ્રણીઓ વિરેન્દ્રસિંહ ઝાલા, વલ્લભભાઈ દુધાત્રા અને રાજુભાઈ ધ્રુવ સહિતના નેતાઓએ સ્થળની મુલાકાત લીધી હતી. નેતાઓએ સભાના મંડપ, સ્ટેજ અને બેઠક વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને કાર્યકરોને જરૂરી સૂચનાઓ આપી હતી. હજુ ઉમેદવારોના નામ બાકી હોવા છતાં આ પ્રકારે તૈયારીઓ કરવી એ ભાજપની કેડર-બેઝ્ડ કાર્યપદ્ધતિ અને આત્મવિશ્વાસ દર્શાવે છે.

### ચૂંટણીને કારણે મનપાના છ કોમ્યુનિટી હોલના ૬૦ થી વધુ બુકિંગ રદ થતાં અરજદારોમાં અફરાતફરી

# લગ્ન સહિતના પ્રસંગો માટે નવા કોમ્યુનિટી હોલ શોધવા દોડધામ



## રણછોડદાસજી કોમ્યુનિટી હોલના સૌથી વધુ ૩૨ બુકિંગ રદ કરાયા

રાજકોટ , તા. ૧૦


રાજકોટ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા મહાનગરપાલિકા હસ્તકના છ જેટલાં કોમ્યુનિટી હોલ ચૂંટણી કામગીરી માટે રિક્વિઝીટ કરી લેતા મહાનગરપાલિકાને લગ્ન સગાઇ સહિતના અલગ અલગ ૬૦ જેટલાં બુકિંગ રદ કરવા પડ્યા છે. આમાં રણછોડદાસજી કોમ્યુનિટી હોલના બન્ને યુનિટ આજ તા. ૮ થી તા. ૩૦ એપ્રિલ સુધી રિક્વીઝીટ કરી લેવાયા હોય આ કોમ્યુનિટી હોલના બન્ને યુનિટમાં ૩૦ એપ્રિલ સુધીમાં થયેલા ૩૨ બુકિંગ રદ કરવા પડ્યા છે. જિલ્લા વહિવટીતંત્ર દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી શાખા અને એસ્ટેટ શાખાને આગોતરી જાણ કરવામા આવી ન હોય હોલનું બુકિંગ અચાનક જ રદ કરી દેવામાં આવતાં અરજદારોમાં અફરાતફરી મચી ગઇ છે. જો કે કેટલાંક અરજદારોએ અન્ય ખાલી પડેલા કોમ્યુનિટી હોલનું બુકિંગ કરી લીધું છે. પણ,જે અરજદારો કોમ્યુનિટી હોલનું બુકિંગ કરી શક્યા નથી તેઓને ના છૂટકે અન્ય ખાનગી કોમ્યુનિટી હોલ બુક કરવા માટે દોડધામ કરવી પડી છે.

રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ જિલ્લા પંચાયત અને રાજકોટ તાલુકા પંચાયત સહિતની ચૂંટણીઓ માટે એપ્રિલ મહિનાના અંતમાં મતદાન થવાનું છે ત્યારે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા મહાનગર પાલિકા હસ્તકના છ કોમ્યુનિટી હોલ રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. આમાં અભયભાઇ ભારદ્વાજ કોમ્યુનિટી હોલના બન્ને યુનિટ, ડો. આંબેડકર કોમ્યુનિટી હોલ, સંત વેલનાથ કોમ્યુનિટી હોલના બન્ને યુનિટ, મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલ તો ૨૪થી ૨૭ એપ્રિલ સુધી રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. જ્યારે મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલ યુનિટ-૧માં તા. ૨૪થી ૨૭ એપ્રિલ, મોહનભાઇ સરવૈયા કોમ્યુનિટી હોલ યુનિટ-૨ તા. ૨૫ થી તા.૨૭ એપ્રિલ માટે રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. જ્યારે રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલના બન્ને યુનિટ આજ તા. ૮ થી તા. ૩૦ એપ્રિલ સુધી રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ રિસિવીંગ અને ડિસ્પેચિંગ સેન્ટર અને ઈવીએમના સ્ટ્રોંગરૂમ માટે રિક્વિઝીટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રમુખસ્વામી ઓડિટોરિયમ અને અરવિંદભાઇ મણિયાર ઓડિટોરીયમ પણ તાલીમ સંદર્ભે રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. ચૂંટણી કામગીરીને કારણે જે કોમ્યુનિટી હોલ રિક્વીઝીટ કરવામાં આવ્યા છે તેમાં અભયભાઇ ભારદ્વાજ યુનીટ-૧માં એક બુકિંગ, યુનિટ-૨માં બે બુકિંગ, આંબેડકર હોલમાં ૩ બુકિંગ, સંત વેલનાથ હોલ યુનિટ-૧માં ૨ બુકિંગ, યુનિટ-૨માં એક બુકિંગ, મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલમાં ૧૨ બુકિંગ, મોહનભાઇ સરવૈયા યુનિટ-૧માં ૩ યુનિટ-૨માં ૩ બુકિંગ રદ કરાયા છે. જ્યારે આજ તા. ૮થી તા. ૩૦ સુધી જે સૌથી લાંબા સમય માટે હોલ રિક્વીઝીટ કરાયા છે તેમાં રણછોડદાસજી કોમ્યુનિટી હોલ યુનિટ-૧માં ૧૮ અને યુનિટ-૨માં ૧૪ બુકિંગ રદ કરવા પડ્યા છે. તા. ૮થી તા. ૨૭ એપ્રિલ વચ્ચે આ છ યુનિટના કુલ ૧૦ યુનિટ રિક્વીઝીટ કરવામાં આવ્યા છે. જ્યારે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ અને અરવિંદભાઇ મણિયાર ઓડિટોરિયમ આગામી તા. ૧૮મીએ ચૂંટણી કાર્યમાં રોકાયલા સ્ટાફની તાલીમ માટે અનામત રાખવામાં આવ્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# હઠાગ્રહ નડતર..

## પક્ષોની કુંડળીમાં પોતાના જ નેતાઓ બાધક બનીને ઉભર્યા




ગુજરાતના રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ભાજપ અને અન્ય પક્ષો માટે કસોટીની ક્ષણ આવી છે. સામાન્ય રીતે રાજકીય પક્ષો હરીફ પક્ષ સામે લડતા હોય છે. પરંતુ અત્યારે સ્થિતિ બદલાઈ છે. દરેક પક્ષે મેદાનમાં ઉતરતા પહેલા પોતાના જ લોકો સાથે લડવું પડી રહ્યું છે. ઉમેદવારોની યાદી જાહેર કરવામાં જે વિલંબ થયો તે આંતરિક સંઘર્ષનું પરિણામ છે.

શિસ્તનો આંક ગગડી રહ્યાનું સ્પષ્ટ દેખાય છે.

કોઈપણ રાજકીય પક્ષનો પાયો તેની શિસ્ત હોય છે. કમનસીબે આજે દરેક પક્ષમાં શિસ્તનો આંક ગગડી રહ્યો છે. કાર્યકરો અને નેતાઓની મહત્વાકાંક્ષા પક્ષના હિત કરતા ઉપર જઈ રહી છે. જ્યારે પક્ષની કુંડળી જોવામાં આવે ત્યારે કોઈ ગ્રહ દોષિત નથી હોતા. તેમાં તો અનુગ્રહ, પૂર્વગ્રહ અને સૌથી વધુ 'હઠાગ્રહ' નડતા હોય છે. નેતાઓનો પોતાના જ માણસોને ટિકિટ અપાવવાનો હઠાગ્રહ પક્ષ માટે મુસીબત બને છે. આ જ હઠાગ્રહ આંતરિક ડખ્ખાનું મૂળ કારણ છે.

આંતરિક યુદ્ધની રણનીતિ પણ ઘડવી પડે છે. રાજકીય યુદ્ધમાં હવે બહારના દુશ્મનો કરતા અંદરના વિરોધીઓ વધુ જોખમી સાબિત થાય છે. ટિકિટ વિતરણ સમયે નેતાઓ જ્યારે પોતાની જીદ પર અડી જાય છે ત્યારે સંગઠન નબળું પડે છે. ભાજપ હોય કે અન્ય પક્ષ, દરેક જગ્યાએ આ અસંતોષ સપાટી પર આવ્યો છે. નેતાઓ જ્યારે જનતાના પ્રશ્નોને બદલે પોતાની સત્તા માટે જીદ કરે છે ત્યારે લોકશાહીનું સ્તર ગગડે છે. આ સંજોગોમાં પક્ષના મોવડીમંડળની ધીરજની પણ કસોટી થાય છે.

રાજનીતિનું બદલાતું સ્વરૂપ જટીલ બની રહ્યું છે. પૂર્વે રાજકારણમાં વિચારધારાને મહત્વ અપાતું હતું. હવે વ્યક્તિગત હિતો સર્વોપરી બન્યા છે. હઠાગ્રહને કારણે પક્ષમાં જૂથબંધી વધે છે. જ્યારે પોતાના જ નેતાઓ બાધક બને ત્યારે પક્ષની છબી ખરડાય છે. કાર્યકરો પણ મુંઝવણમાં મુકાય છે કે કોની વાત માનવી. રાજનીતિના ગગડતા સ્તરનો આ જીવતો જાગતો પુરાવો છે.આ સંજોગોમાંથી જે પક્ષ પોતાની આંતરિક શિસ્ત જાળવી રાખશે તે જ વિજયી બનશે. હઠાગ્રહ ત્યજીને પક્ષના હિતમાં નિર્ણય લેવા તે જ અત્યારની માંગ છે. અન્યથા આંતરિક ક્લેશ પક્ષની કુંડળીમાં મોટું વિઘ્ન બનીને રહેશે. આ આકરી કસોટીમાં કોણ પાસ થશે તે તો સમય જ બતાવશે.

# રોકડ કેસમાં જસ્ટિસ યશવંત વર્માનું રાજીનામું

## મહાભિયોગની કાર્યવાહી દરમિયાન જસ્ટિસ વર્માએ લીધો નિર્ણય, અનેક તર્ક વિતર્ક





નવીદિલ્હી, તા. ૧૦

અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માએ રાષ્ટ્રપતિને રાજીનામું સુપરત કર્યું છે. આ રાજીનામું તેમને પદ પરથી હટાવવા માટે ચાલી રહેલી મહાભિયોગ કાર્યવાહી વચ્ચે આવ્યું છે. ગયા વર્ષે તેમના દિલ્હીના ઘરમાંથી મોટી રકમ રોકડ મળી આવી હતી. ૧૪ માર્ચે મોટી માત્રામાં આંશિક રીતે બળી ગયેલી રોકડ (રોકડ કૌભાંડ) મળી આવ્યા બાદ મહાભિયોગ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૫માં, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ૧૪૬ સાંસદોની સહીઓ સાથે મહાભિયોગ પ્રસ્તાવને મંજૂરી આપી હતી અને ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરી હતી, જે તપાસ કરી રહી છે. રોકડ જપ્તી સમયે તેઓ દિલ્હી હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા હતા. એવો આરોપ છે કે બળી ગયેલી રોકડ નોકરોના ક્વાર્ટર પાસેના સ્ટોરરૂમમાંથી મળી આવી હતી. તે સમયે જસ્ટિસ વર્મા અને તેમની પત્ની ભોપાલમાં હતા.

ગયા વર્ષે માર્ચમાં, દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનમાંથી મોટી માત્રામાં બળી ગયેલી રોકડ મળી આવી હતી. આગ દરમિયાન તેમના ઘરમાંથી મોટી માત્રામાં બળી ગયેલી રોકડ મળી આવી હોવાનો તેમના પર આરોપ હતો. રોકડ વસૂલાતના દાવાઓને ફગાવી દેતા, અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માએ લોકસભા દ્વારા નિયુક્ત સમિતિને જણાવ્યું હતું કે તે દિવસે તેઓ રાજધાનીમાં હાજર નહોતા અને જો અધિકારીઓ આ વિસ્તાર સુરક્ષિત કરવામાં નિષ્ફળ ગયા તો તેમની કોઈ ભૂલ નથી. આ સમિતિ તેમની સામે મહાભિયોગ દરખાસ્તની તપાસ કરી રહી છે.

૨૦ માર્ચે, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે જસ્ટિસ વર્માને અલ્હાબાદ ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ૨૨ માર્ચે, CJI એ જજ સામેના આરોપોની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી. આંતરિક તપાસ પેનલે જસ્ટિસ વર્મા સામેના આરોપોને સાચા માન્યા. ત્યારબાદ રિપોર્ટને રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવ્યો. જસ્ટિસ વર્માએ સુપ્રીમ કોર્ટ સમક્ષ આંતરિક તપાસની બંધારણીયતાને પડકારી હતી, પરંતુ ૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, બે ન્યાયાધીશોની બેન્ચે તેને ફગાવી દીધી, જેમાં કોઈ પ્રક્રિયાગત વિચલનો ન મળ્યા. ત્યારબાદ, સંસદના બંને ગૃહોમાં તેમની સામે મહાભિયોગની દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, અને લોકસભા સ્પીકરે આરોપોની તપાસ માટે ન્યાયાધીશો (તપાસ) અધિનિયમ, ૧૯૬૮ હેઠળ એક સમિતિની નિમણૂક કરી હતી. જસ્ટિસ વર્માના ઘરે રોકડ રકમ મળી આવ્યા બાદ પ્રસિદ્ધિ પામનારા અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન પર રોકડ રકમ મળી આવતા 'રોકડ કૌભાંડ' બાદ તેમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ થઈ હતી.

# નીતીશકુમાર બન્યા રાજ્યસભા સાંસદ

## બિહાર સરકારનું માર્ગદર્શન કરશે અને બિહારમાં જેડીયુ સંગઠનને મજબૂત બનાવવા માટે કામ કરશે.



નવીદિલ્હી, તા. ૧૦

શુક્રવારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને તેમના ચેમ્બરમાં એક સંક્ષિપ્ત સમારોહમાં તેમને શપથ લેવડાવ્યા. કેન્દ્રીય મંત્રી અને ગૃહના નેતા જે.પી. નડ્ડા, નાણાં મંત્રી નિર્મલા સીતારમણ અને કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલની હાજરીમાં કુમારે હિન્દીમાં શપથ લીધા. જનતા દળ-યુનાઈટેડ (જેડીયુ) ના નેતા અને પાર્ટીના કાર્યકારી પ્રમુખ સંજય કુમાર ઝા, કોંગ્રેસના નેતા જયરામ રમેશ અને ભારતીય જનતા પાર્ટીના નેતા, સાંસદ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ પ્રતાપ રૂડી પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા. રાજ્યસભાના સભ્ય તરીકે કુમારનો કાર્યકાળ બિહારમાં તેમના શાસનનો અંત દર્શાવે છે. રાષ્ટ્રીય લોકશાહી જોડાણ ૧૪ એપ્રિલે બિહાર માટે નવા મુખ્યમંત્રીની પસંદગી કરે તેવી અપેક્ષા છે.

સૂત્રો અનુસાર, નીતિશ કુમાર કેન્દ્રીય મંત્રીમંડળમાં જોડાશે નહીં. નીતિશ કુમાર હવે બિહાર સરકારનું માર્ગદર્શન કરશે અને બિહારમાં જેડીયુ સંગઠનને મજબૂત બનાવવા માટે કામ કરશે. તેઓ સંસદ સત્ર દરમિયાન ફક્ત દિલ્હીમાં રહેશે અને બાકીનો સમય બિહારમાં વિતાવશે. પોતાના ખભા પર ઓછી જવાબદારી હોવાથી, તેઓ પાર્ટી સંગઠનને મજબૂત બનાવી શકે છે અને પાર્ટીના કાર્યકરો અને નેતાઓને માર્ગદર્શન આપી શકે છે. નીતિશ કુમારે શુક્રવારે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લઈને વધુ એક રેકોર્ડ બનાવ્યો.

હકીકતમાં, નીતિશ કુમાર બિહારના છઠ્ઠા નેતા બન્યા જેમને ચારેય ગૃહોના સભ્યોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમના પહેલા નાગમણી, સુશીલ કુમાર મોદી, લાલુ યાદવ, ઉપેન્દ્ર કુશવાહા અને રામકૃપાલ યાદવ ચારેય ગૃહોના સભ્ય રહી ચૂક્યા છે. નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળના અંત સાથે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા છે. હવે, કેન્દ્રીય મંત્રીમંડળમાં જોડાવાને બદલે, તેઓ બિહારમાં ઉઉઅ સંગઠનને મજબૂત બનાવવા અને સરકારને માર્ગદર્શન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ચાબહાર ભારત - ઈરાન વચ્ચે મિત્રતાનો બ્રિજ



ભારતને મિત્રતાનો સુવર્ણ પુલ તરીકે ચાબહાર પોર્ટનો ફોટો કર્યો શેર

નવીદિલ્હી, તા. ૧૦

યુદ્ધ દરમિયાન પણ ભારત અને ઈરાન વચ્ચેના મજબૂત સંબંધો અકબંધ રહ્યા છે. ભારતમાં ઈરાની દૂતાવાસે ગુરુવારે ચાબહાર બંદરના ફોટા શેર કર્યા, તેને 'ઈરાન-ભારત મિત્રતાનો સુવર્ણ પુલ' ગણાવ્યો. આ સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન સાથે યુએસ-ઈઝરાયલ સંઘર્ષમાં યુદ્ધવિરામ બાદ તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. ડ પરની એક પોસ્ટમાં, ઈરાની દૂતાવાસે ચાબહાર બંદરના ફોટા શેર કર્યા, તેને 'ઈરાન-ભારત મિત્રતાનો સુવર્ણ પુલ' ગણાવ્યો. આ પોસ્ટમાં સહયોગના પ્રતીક તરીકે બંદરની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, ભલે ભૂ-રાજકીય તણાવ પ્રાદેશિક રાજદ્વારીને આકાર આપતો રહે. અઠવાડિયાના સંઘર્ષ પછી બે અઠવાડિયા સુધી અમેરિકા અને ઈરાન કામચલાઉ યુદ્ધવિરામ માટે સંમત થયા પછી આ સંપર્ક શરૂ થયો છે, જેમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી હેઠળ વાટાઘાટો ચાલુ રહેવાની અપેક્ષા છે.

ચાબહાર બંદરમાં ભારતની ભૂમિકા મુખ્યત્વે વ્યૂહાત્મક, આર્થિક અને કનેક્ટિવિટી આધારિત છે. તે ભારતની એક્ટ ઈસ્ટ, કનેક્ટ સેન્ટ્રલ એશિયા અને INSTC નીતિઓનો મુખ્ય ભાગ છે. ચાબહાર ભારત માટે સુવર્ણ દરવાજા તરીકે કામ કરે છે, પાકિસ્તાનને બાયપાસ કરીને અને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા (તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, વગેરે), રશિયા અને યુરોપ સુધી પહોંચવા માટે સુવર્ણ દ્વાર તરીકે કામ કરે છે. મે ૨૦૨૪ માં, ભારત અને ઈરાને ૧૦ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા, જેમાં ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) ને શાહિદ બેહેસ્તી ટર્મિનલના સંચાલન, સ્થાપન અને વિકાસના અધિકારો આપવામાં આવ્યા. ભારતે હવે બંદરમાં ૧૨૦ મિલિયન (આશરે રૂ. ૧૦૦૦ કરોડ)નું રોકાણ કર્યું છે.

પાકિસ્તાનની ભાગીદારીથી મધ્યસ્થી કરાયેલ યુદ્ધવિરામનો હેતુ તણાવ ઓછો કરવા, મહત્વપૂર્ણ શિપિંગ માર્ગો ફરીથી ખોલવા અને વ્યાપક વાટાઘાટો માટે જગ્યા બનાવવાનો છે. લેબનોનમાં ચાલુ ઇઝરાયલી હુમલાઓએ આ પરિસ્થિતિને નાજુક બનાવી દીધી છે. શનિવારે ઈસ્લામાબાદમાં ઈરાની અને યુએસ પ્રતિનિધિમંડળો વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટો યોજાશે.

યુદ્ધવિરામ વાટાઘાટો પહેલાં ચાબહાર પર ભાર મૂકીને, ઈરાન સંદેશ આપી રહ્યું છે કે આર્થિક ભાગીદારી, ખાસ કરીને ભારત સાથે, અમેરિકા સાથે વાટાઘાટો દરમિયાન પણ ચાલુ રહેશે. આ વ્યૂહાત્મક રીતે સ્થિત બંદર પાકિસ્તાનને બાયપાસ કરીને, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે ભારતના જોડાણ માટે મહત્વપૂર્ણ છે, અને બંને દેશોએ તેને વારંવાર તેમના સંબંધોના પાયા તરીકે વર્ણવ્યું છે. મે ૨૦૨૪ માં, ભારત અને ઈરાને ૧૦ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા, જેમાં ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) ને શાહિદ બેહેસ્તી ટર્મિનલના સંચાલન, સજ્જતા અને વિકાસના અધિકારો આપવામાં આવ્યા. ચાબહાર બંદર હવે ભારત અને ઈરાન વચ્ચે મિત્રતાનો સુવર્ણ પુલ બની ગયું છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ રત્નાવલી.( ભાગ ૨)

### મા રત્નાવલીનાં માતૃ શરીરમાં પંચ મહાભૂત ઉપરાંત બીજા પાંચ તત્વો પણ છે.



માનસ રત્નાવલીનાં બીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યુ કે જેમ નદી સરોવરને ઘાટ હોય છે, એમ તુલસીનાં જીવનમાં સાત ઘાટ છે. તુલસીદાસજીનાં જીવનનો પહેલો ઘાટ હુલસી ઘાટ છે, કે જ્યાંથી ગોસ્વામીજીનું પ્રાગટ્ય થયું, દરેકનાં જીવનનો પ્રથમ ઘાટ માતા હોય છે. રામચરિત માનસમાં તુલસીદાસજીએ એનું સ્મરણ પણ કર્યું છે.

સંભુ પ્રસાદ સુમતિ હિય હુલસી,
રામ ચરિતમાનસ કવિ તુલસી.

સંદર્ભ ભલે જુદો હોય પણ હુલસી શબ્દ લખતી વખતે, તુલસીદાસજીને માતૃ સ્મરણ થયું હશે.

તુલસીદાસજીનાં જીવનનો બીજો ઘાટ રત્નાવલી ઘાટ છે, ઈતિહાસ શું કહે છે? એમાં આપણે નથી જવું, પરંતુ આધ્યાત્મની રીતે તુલસી અને રત્નાવલી બંને અભિન્ન સાધુ તત્વ છે. મહાભારતની દ્રૌપદી એ સાધુતા છે, અને દ્રૌપદીને પાંચ પતિ છે, તો સાધુની સાધુતાને પણ પાંચ પતિ હોય છે. આપણી પૌરાણિક કથાઓમાં સૌથી પહેલા કોઈએ વિષ પીધું હોય તો એ ભગવાન શંકર, ત્યારબાદ ઘણાં વર્ષો પછી પાશ્ચાત્ય જગતમાં સોક્રેટિસ, પછી રાજસ્થાનની મીરાંબાઈએ, અને પીતાં પીતાં જે ઝેર બચ્યું હતું એ સાધુઓને પીવું પડે છે, ક્યારેક નરસિંહ પીવે, ક્યારેક તુકારામ, આમ ઘણાં! સાધુતાનાં પહેલા પતિ ગણપતિ, સાધુનો વિનય વિવેક! વિનય વિવેક હોય તો જ ઝેર પી શકાય છે. સાધુતાનાં બીજા પતિ છે લક્ષ્મીપતિ,આ સાધુતામાં વૈરાગ્યનું એશ્વર્ય, સહજતાનું એશ્વર્ય, અને શરણાગતિનું એશ્વર્ય દેખાય છે. સાધુતાના ત્રીજા પતિ પાર્વતી પતિ વિશ્વાસ! જે ઘણી ભૂત વિશ્વાસનું પ્રતીક છે, એ ક્યારેય શિવ રુપી કલ્યાણની નિંદા નહીં કરે. સાધુતાનાં ચોથા પતિ સૂર્ય, અજવાળું, પ્રકાશ તેજસ્વીતાનાં દાતા છે. સાધુતાનાં પાંચમા પતિ સ્વામીની નાં રૂપમાં છે, એટલે કે ભગવતી પાર્વતી જેને ગોસ્વામીજી શ્રદ્ધાના રૂપમાં પ્રસ્તુત કરે છે. સાધુની શ્રદ્ધા ક્યારે અશ્રદ્ધા કે અંધશ્રદ્ધા નથી હોતી, અખંડ શ્રદ્ધાવાન હોય એ સાધુ. જેવી રીતે દ્રૌપદીનું પ્રાગટ્ય અગ્નિકુંડમાંથી થયું એમ સાધુનું પ્રાગટ્ય પણ અગ્નિમાંથી જ થાય છે!: દ્રૌપદી જેમ કોમાર્ય લઈને પ્રગટી હતી, એમ સાધુ પણ યુવાન હોય છે. દ્રૌપદીનું ચીર હરણ થયું સાધુતાનાં ચીર પણ ખેંચાતા રહે છે, દુ:સાશન વ્યક્તિ ન્હોય તો દૂષાસન વૃત્તિ હોય! દ્વેષ વૃત્તિનું નામ દુ:સાશન છે. દ્રૌપદીરૂપી સાધુતા અગ્નિકુંડ માંથી પ્રગટ થાય છે, અને હિંમકુંડમાં સમાહિત થાય છે.

રત્નાવલીમાં પણ સાધુતાનાં પાંચે પતિને પ્રતિપાદિત કરી શકાય છે, તુલસીદાસજીનાં જીવનનાં આગળનાં ઘાટ પર જતાં પહેલાં રત્નાવલી વિશે મારી પાસે ઘણું આવે છે, પરંતુ કાગળ પર લખાયેલું કહેવું, એનાં કરતાં કાળજામાં કોતરાયું છે, એ કહેવું વધુ યોગ્ય છે.

રત્નાવલીએ તુલસીને પંચ ભૌતિક કાયાનો મર્મ સમજાવી જાગૃત કરી દીધા! ચિત્રકૂટમાં તુલસીદાસજી હતાં, ત્યારે ઘણાએ રત્નાવલીને કહ્યું કે આપ એકવાર મળી આવો, પરંતુ એમણે એના માર્ગમાં વિઘ્ન આવે નહીં, એટલે મળવાનું ટાળ્યું. વ્યાસપીઠને રત્નાવલીમાં ઉર્મિલા માંડવી શ્રુતિકીર્તિનું ચિત્ર દેખાય છે!; વ્યાસપીઠની દ્રષ્ટિએ રત્નાવલી કંઈક વિશેષ છે અને એટલે જ તુલસીદાસજી ગોસ્વામી છે, જ્યારે રત્નાવલી તો જન્મથી જ ગોસાઈ એટલે કે જીતેન્દ્રિય છે. રત્નાવલી માતૃ શરીર પંચ ભૌતિક શરીરથી બનેલું તો છે જ, પરંતુ એના વિગ્રહમાં ગુરુકૃપાથી બીજા પાંચ તત્વો પણ દેખાય છે. પ્રથમ તત્વ,રત્નાવલીનાં શરીરમાં રૂપ,એ અતિ સુંદર હતાં! તુલસીદાસજી આમ જ કંઈ વૈરાગી બન્યાં નથી.

કથા મુજબ તુલસી એક સબને નૌકા સમજી, સર્પનું દોરડું પકડી રત્નાવલી સુધી પહોંચ્યા હતાં! આ રત્નાવલીનાં નૂરાની રૂપની એકાગ્રતામાં તલ્લીન થયેલાં તુલસીની સ્થિતિ શું હશે? એ જ બતાવે છે કે રત્નાવલી અત્યંત સુંદર સ્ત્રી હતાં. રૂપ હોવું એ કોઈ ખરાબ વાત નથી ઈશ્વરનું વરદાન છે, પરંતુ કોઈપણ રૂપની પ્રસ્તુતિ માટે નસ્ત્રકામસ્ત્રસ્ત્રભાવને લાવવો જ પડે, એ સત્ય સ્વીકારવું રહ્યું. બીજું તત્વ છે શીલ, રૂપની સાથોસાથ શીલનું હોવું પણ અનિવાર્ય છે. રત્નાવલીમાં શીલ છે, શીલનું બળ ખૂબ જ છે. માનસમાં અહલ્યાનું પાત્ર જુઓ, અહલ્યાને પામવા ઈન્દ્રે ગૌતમનો વેશ ધર્યો તપસ્વીનો વેશ ધરીને આવ્યો, અહલ્યા છેતરાઈ ગઈ, એટલે ક્યાંક એ રૂપવતી અહલ્યાનું શીલ ચલિત થયું હશે, મારે એટલું જ કહેવું છે કે, જ્યારે શીલ ચલિત થાય, ત્યારે વ્યક્તિ શીલા એટલે કે જડ બની જાય છે. ત્રીજું તત્વ છે, સ્મરણ. રત્નાવલીમાં સ્મરણ ખૂબ જ છે, એને નિરંતર સ્મરણ કર્યું. ઘણાનો દાવો છે કે, તુલસીદાસજી વિશ્વમાં પ્રતિષ્ઠા પામી ગયાં, પરંતુ એમણે જીવનભર એક સ્ત્રીને અંધારામાં નાખી દીધી. મારો આત્મા આ વાતનો સ્વીકાર કરતો નથી, આપણે શું કામ બોલવું જોઈએ! રત્નાવલીને બોલવા દો! એને તુલસીનું સ્મરણ કર્યું, તું એટલે તુરિયાતીત રામ, લ એટલે લક્ષ્મણ, સી એટલે સીતા, તુલસીનો મતલબ છે, રામ લક્ષ્મણ સીતા. ચોથુ તત્વ છે સમર્પણ, બુદ્ધનાં જીવનની એક વાત યશોધરાએ તથાગત બુદ્ધને કહ્યું કે, આપ જે તત્વ શોધવાં નીકળ્યાં હતાં એ તત્વ શું મારાં ઓરડામાં નહોતું? આપ મારાં બાળકને અને મને છોડીને નીકળી ગયાં આપને જરા પણ કરુણા આવી નહીં ? અને દુનિયા આજે આપને કરુણા મૂર્તિ કહે છે, હું મારા આત્માને એ વાત કેવી રીતે સમજાવું? પરંતુ રત્નાવલીએ કોઈ એવી વાત ઉઠાવી હોય, એવું જાણવામાં આવ્યું નથી. તુલસી વૈરાગી બન્યા, અને રત્નાવલી ઘરમાં રહીને અનુરાગી બન્યા! અતિ વૈરાગ્યથી પણ પરમતત્વ પ્રાપ્ત થતું નથી, અને અતિ ભોગથી પણ પરમતત્વ પ્રાપ્ત થતું નથી, બહાનું હોય છે અધ્યાત્મ માર્ગનું! આ સ્ત્રી વહી, વહેતી રહી, જોગણ બની ગઈ. પાંચમું તત્વ છે સેવા, ઈતિહાસમાંથી પ્રમાણ મળે છે કે એમણે સમાજની ખૂબ જ સેવા કરી, અને ૫૦૦ વર્ષ પહેલા પતીત દિન હીન મહિલાઓને ઉભી કરી હતી. મારા મનમાં એમના માટે અપાર ઈજ્જત છે, ત્રાજવાનું જે પલ્લુ ભારે હોય એ નીચે જાય છે, અને એ રીતે એક બાજુ તુલસીદાસજીને બીજી બાજુ રત્નાવલીને બેસાડવામાં આવે તો એમનું ચરિત્ર એટલું મહાન છે કે, એ નીચું રહ્યુ પરંતુ એણે તુલસીનાં પલ્લાને ઊંચાઈ આપી દીધી. તુલસીદાસજીનાં જીવનનો ત્રીજો ઘાટ છે નિષાદ ઘાટ, કે જ્યાં કેવટે ભગવાન રામના ચરણ પખાળ્યા હતાં અને ત્યારબાદ એ ઘાટનું નામ રામઘાટ પડ્યું. ચોથો ઘાટ છે ચિત્રકૂટ નો, જ્યાં વનવાસનો મોટા ભાગનો સમય પસાર થયો. પાંચમો ઘાટ જ્ઞાન ઘાટ છે, ગોદાવરીના તટ પર પંચવટીના પ્રાંગણમાં લક્ષ્મણજી ભગવાન રામને પાંચ પ્રશ્ન પૂછે છે, અને અહીં જાગૃતિ જન્મી હતી. છઠ્ઠો ઘાટ ગૌઘાટ છે જે અયોધ્યાનો રામરાજ્ય સ્થાપિત થયા પછીનો છે, આ ગૌઘાટ પર બધા કંઈક વિશેષ પામવા માટે જતાં હતાં. સાતમો ઘાટ શરણાગતિનો ઘાટ, જ્યાં તુલસીદાસજી સ્વયં બેઠા છે. ભરત રૂપી સમુદ્રનું મંથન કર્યું તો એમાંથી ચૌદ રત્નો નીકળ્યાં! એની વિશે આપણે વાત કરી છે. મેં પણ રામચરિત માનસનું મંથન કરી કેટલાક નારી રત્ન તારવ્યા છે. પ્રથમ રત્ન ભગવતી પાર્વતી, બીજું રત્ન છે જલંધરની પત્ની વૃંદા. ત્રીજું રત્ન છે, મા કૌશલ્યા. ચોથુ રત્ન છે વિશ્વ મોહિની માયા રૂપ લક્ષ્મી. પાંચમું રત્ન છે તપસ્વીની અહલ્યા, અહલ્યા ન હોત તો રામને પતિત પાવન નું બિરુદ ન મળ્યું હોત. જાનકી ઉર્મિલા માંડવી શ્રુતકીર્તિ બધાં જ રત્ન છે. અયોધ્યા કાંડમાં ભગવતી સુનયના પણ એક રત્ન છે. અરણ્યકાંડમાં અનસૂયા અને ભક્તિ સ્વરૂપ આ શબરી. કિષ્કિંધા કાંડમાં સ્વાદ સાધ્વી સ્વયંપ્રભા, વાલીની ધર્મ પત્ની તારા. સુંદરકાંડમાં લંકીની, અને ત્રિજટા રત્ન છે. લંકા કાંડમાં મંદોદરી રત્ન છે, ઉત્તર કાંડમાં કામિહી પિયારી જીમી કહી અપ્રગટ રીતે રત્નાવલી રત્ન છે. કથાનાં ક્રમમાં યાજ્ઞવલ્જી ભરત સમક્ષ રામકથાનાં આરંભે પ્રથમ શિવ તત્ત્વની ચર્ચા કરી બીજા દિવસની કથા અને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતાં ત્રણ પંટર પકડાયા

## બહુમાળી ભવન ચોકમાંથી સુરેશ ઉર્ફે ભાવેશ, રેસકોર્સ ગ્રાઉન્ડની અંદરથી વેપારી વિરેન્દ્રસિંહ વાઘેલા અને નવલનગરમાંથી સામા સિંઘવને બેટીંગ કરતાં પોલીસે દબોચ્યા




રાજકોટ, તા.૧૦

શહેરમાં આઇપીએલ સિરીઝ રોમાંચક મોડમાં આવી હોય તેમ ઓનલાઈન આઈડી અને લાઈન પર ક્રિકેટ સટ્ટો રમતાં ત્રણ પંટરને અલગ અલગ જગ્યાએથી પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

દરોડાની વિગત મુજબ પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઇ જે. બી.રાણીંગા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ વિશ્વજીતસિંહ ઝાલાને રેસકોર્સ પાસે બહુમાળી ભવન ચોકમાં જાહેર રોડ ઉપર એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ઓનલાઈન જુગાર રમી રહ્યો છે તેવી મળેલ બાતમીના આધારે ટીમે દરોડો પાડ્યો હતો. મોબાઈલમાં જુગાર રમાતા પકડાયેલો શખ્સ માધાપર, ક્રાઈસ્ટ હોસ્પિટલની બાજુમાં જામનગર રોડ પર રહેતો સુરેશ ઉર્ફે ભાવેશ નાનજી ધામેચા(ઉ.૩૫) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેના મોબાઈલમાં ચેક કરતા તેમાં ઓનલાઈન આઈડીમાં આઈપીએલ સિરીઝની લખનૌ અને કલકત્તા વચ્ચેની મેચમાં ઓનલાઇન જુગાર રમતો હોવાનો ખુલતા પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી આઈડી આપનારનું નામ ખોલાવવા તજવીજ આદરી છે.

બીજા દરોડામાં પીસીબી પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા અને કોન્સ્ટેબલ વિશાલ દવેને રેસકોર્સ ગ્રાઉન્ડમાં એનસીસી ચોક વાળા ગેટ સામે એક શખ્સ મોબાઇલમાં ઓનલાઇન જુગાર રમી રહ્યો હોવાની બાતમીના આધારે ટીમે તપાસ કરતા એક આધેડ શંકાસ્પદ હાલતમાં દેખાયો હતો. પોલીસે તેમની પૂછપરછ કરતા તે અતિથિ એપાર્ટમેન્ટ, પર્ણ કુટીર પોલીસ ચોકી સામે પંચવટી મેન રોડ રહેતો વિરેન્દ્રસિંહ મહિપતસિંહ વાઘેલા(ઉ.૪૧) હોવાનું જણાવ્યું હતું.

પીસીબીની ટીમે તેમનો મોબાઈલ ફોન ચેક કરતા તેમાં ઓલ પેનલ ૭૭૭ નામની આઈડીમાં હાલમાં ચાલી રહેલી આઈપીએલ સીરીઝની કલકત્તા અને લખનૌની ક્રિકેટ મેચ પર જુગાર રમતો હોવાનું સામે આવ્યું હતું. તે શખ્સની ધરપકડ કરી તેમને કોણે આઈડી આપી ? તે અંગે આગળની તપાસ હાથ ધરી છે.

ત્રીજા દરોડામાં માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે.એમ. કૈલા સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ અજય વીકમાં અને કોન્સ્ટેબલ જયદીપસિંહને નવલનગર શેરી નં. ૯ના છેડે મુરલીધર ચોક પાસે એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ઓનલાઈન જુગાર રમે છે તેવી બાતમીના આધારે ટીમે દરોડો પાડી તે શખ્સને પકડી પૂછપરછ કરતા તેમણે નવલ નગર શેરી નં. ૯ ના છેડે મુરલીધર ચોક પાસે મવડી પ્લોટમાં રહેતો સામા કાળુ સિંઘવ(ઉ.૩૬) હોવાનું કબુલ્યું હતું. માલવીયાનગર પોલીસે તે શખ્સ પાસેના ફોન ચેક કરતા તેમાં હાલમાં ચાલી રહેલી આઈપીએલ સીરીઝની કલકત્તા અને લખનૌની ક્રિકેટ મેચ પર ઓનલાઈન જુગાર રમતો હોવાનું બહાર આવતા તેમની અટક કરાઈ હતી.

# ઓટો રીક્ષામાં મુસાફરોના ગળા અળવા કરતા ઈલમીને પાસા

## રાજુલાના ધર્મેશ ચૌહાણ સામે જામનગર, ભાવનગર, વડોદરા, રાજકોટ પોલીસમાં ૫ ગુના નોંધાયાથતા

રાજકોટ, તા.૧૦

રાજુલામાં તત્વ જ્યોતી મહાદેવના મંદીર પાસે, વાવેરા રોડ, હરેશભાઇની કરીયાણાની દુકાનની પાછળ રહેતો અને જામનગર, ભાવનગર, વડોદરા, રાજકોટ પોલીસમાં ૫ વખત ચોપડે ચડી ચુકેલા આંગળીના ઈલમી ધર્મેશ ધીરૂ ચૌહાણને પોલીસે પાસા તળે વડોદરાની જેલમાં ધકેલી દીધો છે.



મળતી વિગતો મુજબ સ્થાનીક સ્વરાજયની સામાન્ય ચુંટણી -૨૦૨૬ શાંતીપૂર્ણ રીતે યોજાય અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શરીર સબંધી ગુન્હાઓ આચરતા ગુનેગારો તેમજ ચોરી કરતા રીઢા તસ્કરો વિરૂધ્ધ અટકાયતી પગલા હદપારી/પાસા કરવા પોલીસ કમિશ્નર દ્વારા આદેશો અપાયા છે.

તે અન્વયે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજુલાના ધર્મેશ ધીરુ ચૌહાણ સામે પાસા દરખાસ્ત તૈયાર કરીને પોલીસ કમિશ્નર તરફ મોકલાઈ હતી. જેને મંજુરીની મહોર મળી જતા પોલીસ કમિશ્નર દ્વારા પાસા વોરંટ ઇસ્યુ કરાયું હતું.

જે વોરંટના આધારે પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ તેમજ પીએસઆઈ એસ.વી.ચુડાસમાં, એ.એસ.આઇ ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, હેડ કોન્સ્ટેબલ સુભાષભાઇ ઘોઘારી, કરણભાઇ કોઠીવાળ કોન્સ્ટેબલ, અરવીંદભાઇ ફતેપરા અને સંજયભાઇ અલગોતર સહિતની ટીમે ધર્મેશને દબોચી, પાસા વોરંટની બજવણી કરીને વડોદરા જેલ હવાલે કર્યો છે.



# કોઠારિયાના વૈભવલક્ષ્મી મકાનમાંથી ઝડપાયું જુગારધામ

## ૨૧,૨૫૦ સાથે ૬ તાસપ્રેમીઓ પકડાયા

રાજકોટ, તા.૧૧

ભક્તિનગર પોલીસે બાતમીના આધારે કોઠારિયા વિસ્તારમાં જુગાર દરોડો પાડીને ૬ પત્તાપ્રેમીઓને ૨૧ હજારથી વધુની રોકડ સાથે પકડી લીધા હતા.

પીઆઈ જે.ડી. પરમારની સુચનાથી પીએસઆઈ એમ.એન. વસાવા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે હેડ કોન્સ્ટેબલ સ્નેહભાઈ ભાદરકા કોન્સ્ટેબલ નિલેશભાઇ મિયાત્રા, રવિભાઇ રત્નને કોઠારીયા મેઇન રોડ, રંગીલા હનુમાન ચો,ક વિવેકાનંદ નગર, શેરીનં-૧૪માં વૈભવલક્ષ્મી નામના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી.

દરમિયાન પોલીસે દરોડો પાડતા ત્યાંથી ૬ શખ્સ તીનપત્તીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.પકડાયેલા શખ્સોમાં - વિવેકાનંદ નગર શેરીનં-૧૪ કોઠારીયા મેઇન રોડ રહેતા સુરેશ જેઠા ધુંચલા, વિવેકાનંદ નગર ૪૦ ફુટ રોડ પર રહેતા સંદીપ મહેન્દ્ર મકવાણા, સીતારામ સોસાયટી શેરીનં-૧૦માં રહેતા વિજય વિહા બાવળા, સોમનાથ સોસાયટી શેરીનં-૪ કોઠારીયા મેઇન રોડ પર રહેતા સંજય દેશળ બાવડા, રજત સોસાયટી શેરીનં-૪ શ્યામ હોલ ૮૦ ફુટ રોડ પર રહેતા વિશાલ મગન કોરાટ વિવેકાનંદ નગર શેરીનં-૧૪ કોઠારીયા મેઇન રોડ પર રહેતા શુભમ રાજેશ દાવડા નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરોડા દરમિયાન ૨૧૨૫૦ રોકડ કબજે કરીને તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# નવી કોર્ટ પાસે કાર હડફેટે બાળકનું મોત

રાજકોટ, તા.૧૦

શહેરમાં વધુ એક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેલમાં રહેલા પિતાને કોર્ટમાં મુદત હોય જેથી માધાપર ચોકડી પાસે રહેતો ૫ વર્ષનો બાળક તેના ફઈ સાથે પિતાને કોર્ટે મળવા માટે ચાલીને જતો હતો ત્યારે નવી કોર્ટ પાસે અજાણ્યા કાર ચાલક બાળકને અડફેટે લઇ નાસી છુટયો હતો. અકસ્માતમાં બાળકનું ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. હાલ બનાવ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી અકસ્માત સર્જી નાસી છુટેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટમાં માધાપર ચોકડી પાસે જામનગર રોડ પર નાગેશ્વર બસ સ્ટેશન પાસે આવેલા શેઠનગરમાં રહેતો માસુમ બાળક રાજ નિતેશભાઈ વાજેલીયા આજે સવારે ૧૧ વાગ્યા આસપાસ તેના ફઈ વસંતબેન સાથે ચાલીને જામનગર રોડ પર નવી કોર્ટે જતો હતો.

ત્યારે નવી કોર્ટ વાળા રસ્તે પુરપાટ ઝડપે આવતાં અજાણ્યા કાર ચાલકે બાળકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો અને અકસ્માત સર્જી કાર ચાલક નાસી છુટયો હતો. અકસ્માતના પગલે રાજને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું.

બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલ આવી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક રાજના પિતા નિતેશભાઈ વિરૂધ્ધ ગુનો નોંધાયેલો હોવાથી હાલ તેઓ જેલમાં છે.

આજે તેમની કોર્ટમાં તારીખ હોવાથી તેઓ કોર્ટે આવવાના હોવાથી રાજ તેના પિતાને મળવા ફઈ વસંતબેન સાથે ચાલીને કોર્ટે જતો હતો ત્યારે રસ્તામાં જ કાળ ભેટી જતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. હાલ યુનિવર્સિટી પોલીસે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**અજાણ્યો કાર ચાલક અકસ્માત સર્જી નાસી છુટયો**



# માતા-પિતા પર કળિયુગી શ્રવણનો હુમલો

## ઈજાગ્રસ્ત માતા-પિતા સારવાર હેઠળ : ગાંધીગ્રામની ઘટનાથી જાણકારોમાં હાયકારો

રાજકોટ, તા.૧૦

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં પુત્રએ પોતાના જ જન્મદાતા માતા-પિતા પર હુમલો કર્યો છે.શહેરના ઈશ્વર પાર્ક શેરી નંબર-૧ માં રહેતા ૬૩ વર્ષીય મુકેશભાઈ કાળુભાઈ લાડવા ગઈકાલ સવારે રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં પુત્રએ પોતાના જ જન્મદાતા માતા-પિતા પર હુમલો કર્યો છે.શહેરના ઈશ્વર પાર્ક શેરી નંબર-૧ માં રહેતા ૬૩ વર્ષીય મુકેશભાઈ કાળુભાઈ લાડવા ગઈકાલ સવારે આશરે ૦૯:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હાજર હતા, ત્યારે તેમના પુત્ર મેહુલે ઝઘડો શરૂ કર્યો હતો.

ઉશ્કેરાયેલા મેહુલે પોતાના પિતાને ઢીકા-પાટુનો માર મારતા મુકેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી.જેના કારણે તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ભોગ બનનાર મુકેશભાઈ દરજીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક દીકરો અને બે દીકરીઓ છે. આ ઘટના પાછળનું મુખ્ય કારણ પુત્ર મેહુલની બેજવાબદારી હોવાનું જાણવા મળ્યું છે.

મેહુલ કોઈ કામ-ધંધો કરતો નથી અને નવરો રખડતો હોવાથી ઘરમાં અવારનવાર ક્લેશ થતો રહે છે. તે વાત-વાતમાં ઝઘડો કરવાની ટેવવાળો છે અને અગાઉ પણ પિતા સાથે મારપીટ કરી ચુક્યો છે. પિતાને બચાવવા વચ્ચે પડેલા માતા મીનાક્ષીબેનને પણ આ કળિયુગી પુત્રએ છોડ્યા નહોતા.

સ્થાનિકો અને પરિવારના જણાવ્યા અનુસાર, મેહુલની આદતોમાં કોઈ સુધારો આવતો નથી. પિતા દ્વારા તેને કામ-ધંધો કરવા માટે સમજાવવામાં આવતા તે ઉશ્કેરાઈ જાય છે.વૃદ્ધાવસ્થામાં જે પુત્ર લાકડીનો ટેકો બનવો જોઈએ, તેના બદલે તે જ પુત્ર કાળ બનીને માતા-પિતા પર હાથ ઉપાડી રહ્યો છે.

# બાર એસો. દ્વારા રાત્રિ પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## આવતીકાલ સુધી ચાલનારી સ્વ. એડવોકેટ રાજકુમારસિંહજી કૃપાલસિંહજી પરમાર મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનો લાભ લેવા શહેરીજનોને અનુરોધ









રાજકોટ,તા.૧૦

રાજકોટ બાર એસોસિયેશન દ્વારા એડવોકેટ સ્વ.રાજકુમારસિંહજી કૃપાલસિંહ પરમાર મેમોરિયલ રાત્રિ પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો આજથી દબદબાભેર પ્રારંભ થયો હતો. આવતીકાલ એટલેકે તા. ૧૨ સુધી ચાલનારી આ ટુર્નામેન્ટ નિહાળવાનો લાભ લેવા શહેરીજનોને આયોકોએ અનુરોધ કર્યો છે. ૧૫૦ ફૂટ રીંગ, ગોકુલ પાર્ટી પ્લોટ પાછળ, અટલ સરોવરની સામે, રુદ્રાક્ષ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સાંજના ૫-૩૦ વાગ્યાથી શરુ થયેલી ટુર્નામેન્ટને સફળ બનાવવા રાજકોટ બાર એસોસિયેશનના પ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ સિદ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી નીલેશ પટેલ, જોઇન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલિયા, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, લાયબ્રેરી સેક્રેટરી કેતન મંડ ઉપરાંત કારોબારી સભ્યો સ્તવન મહેતા, ભાર્ગવ પંડયા, વિજય રૈયાણી, સંજય ડાંગર, અશ્વિન રામાણી, કલ્પેશ સાકરીયા, હિરલ જોશી, દિપ વ્યાસ, નિશા લૂણાગરિયા, મીનલ સોનપાલ તેમજ સ્વ. એડવોકેટ રાજકુમારસિંહજી કૃપાલસિંહજી પરમાર મેમોરિયલ ટીમના રૂપરાજસિંહ પરમાર, અજીત પરમાર, હુસેન હેરંજા, રવિ લાલ, જયદેવસિંહ ઝાલા, રહિમભાઈ હેરંજા, અંકિત ભટ્ટ, દિપક ભાટિયા, જીત શાહ, યુવરાજસિંહ ગોહિલ અને પ્રેમરાજસિંહ પરમાર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ત્રણ દિવસ ચાલનારી ટુર્નામેન્ટને માણવા શહેરીજનોને આયોજકોએ અનુરોધ કર્યો છે.

### ૮૫ લાખના ૧.૧૫ કરોડ ચૂકવ્યા છતાં વ્યાજખોરો ન ધરાયા !

# નવાગામના ઈંટના ધંધાર્થીની ૬ વ્યાજખોરો સામે ફરિયાદ

રાજકોટ, તા.૧૦

નવાગામમાં રહેતા મૂળ ચુનારાવાડના વિસ્તારના વતની ઇંટના ધંધાર્થી યુવાન વ્યાજંકવાદમાં ફસાયો હતો. ધંધાના કામ માટે વ્યાજે નાણાં લીધા બાદ યુવાને રૂ.૮૫ લાખના બદલામાં રૂ.૧.૧૪ કરોડ ચૂકવી દીધા હોવા છતા વ્યાજખોરો દ્વારા વ્યાજ અને મૂડીની માગણી કરી પઠાણી ઉઘરાણી કરતા થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે મહિલા સહિત છ શખ્સો સામે મની લેન્ડ એકટની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે હાલ નવાગામમાં સમજુ પાર્કમાં રહેતાં મૂળ ચુનારાવાડના દેવેન્દ્રભાઇ હરેશભાઇ મંડલી એ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે ભીચરીના મહેશ નરસંગ રાઠોડ, ચુનારાવાડ શેરી-૨ માં રહેતા રાજુ ભલસોડ, રાજપીપળા રહેતા નાગદાન આહીર, ચુનારાવાડમાં રહેતી મુન્ના ફૂલવાળાની પત્ની, દૂધની ડેરી પાસે રહેતો રાજુ મહાકાળી પાનવાળો અને ડીમાર્ટની સામે કુવાડવા રોડ પર રહેતા રાકેશ કાના રમેશ ગોસ્વામીનું નામ આપતાં થોરાળા પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી છે.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમને ઇંટના ભઠ્ઠાનો ધંધો હોય વર્ષ ૨૦૧૮માં ધંધામાં ખોટ આવતા જેની પાસેથી માટી મંગાવતા હતા તે ભીચરી ગામના મહેશ રાઠોડ પાસેથી રૂ. ૮ લાખ બે ટકા વ્યાજ લીધા બાદમાં વધુ પાંચ લાખ વ્યાજે લીધા હતા. આમ કુલ ૧૩ લાખના ૨ ટકા વ્યાજ લેખે દર મહિને ૨૬ હજાર રોકડ યુવાન ચૂકવતો હતો અને આજ સુધીમાં ૨૭ લાખ ચૂકવી દીધા હોવા છતાં વ્યાજ અને મૂડીની માંગણી કરી ધમકી આપે છે. ચુનારાવાડના રાજુ ભલસાડ પાસેથી રૂપિયા ૭ લાખ ત્રણ ટકા વ્યાજે લીધા



થોરાળા પોલીસે મહિલા સહિત છ સામે ગુનો નોંધી શરુ કરી શોધખોળ


હતા જેને આજ સુધીમાં રૂપિયા ૯ લાખ ચૂકવી દીધા હોવા છતાં ધમકીઓ આપે છે. વર્ષ ૨૦૨૦ માં નાગદાન આહીર પાસેથી ૮ લાખ ૪ ટકા વ્યાજે લીધા હતા બાદમાં વધુ જરૂર પડતા ૧૩ લાખ તેમની પાસેથી વ્યાજે લીધા હતા જેના બદલામાં ૧૩ લાખ ચૂકવી દીધા હોવા છતાં ધમકીઓ આપે છે.

યુવાને ચુનારાવાડ-૧ માં રહેતા મુન્ના ફુલવાળા પાસેથી વર્ષ ૨૦૧૮ માં રૂ. ૪ લાખ વ્યાજ આજે લીધા હતા જેનું દર મહિને અઢી ટકા વ્યાજ ચૂકવતો હતો. એક વર્ષ પહેલા મુન્નાભાઈનું અવસાન થતાં મુન્નાભાઈની પત્નીનો ફોન આવ્યો હતો અને હવે વ્યાજ અને મૂડી બંને આપવું પડશે તેમ કહ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૨૧ માં રાજુભાઈ મહાકાળી પાનવાળા પાસેથી યુવાને ૧૩ લાખ ૫ ટકા વ્યાજ લીધા હતા ૨૦૨૧ સુધી રાજુભાઈને વ્યાજની રકમ રૂ. ૧૫ લાખ આપી દીધી હોવા છતાં તે મૂડી અને વ્યાજની માંગણી કરી ધમકાવતો હતો. પાડોશમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે કાના કાનાભાઈ ગોસ્વામી પાસેથી વર્ષ ૨૦૨૨માં ધંધાના કામ માટે ૧૪ લાખ પાંચ ટકા વ્યાજે લીધા હતા. બાદમાં વધુ જરૂરિયાત પડતા કુલ ૩૫ લાખ તેમની પાસેથી પાંચ ટકા વ્યાજ લીધા હતા. જેમાં આજ દિન સુધીમાં ૫૦ લાખ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં તે ધાકધમકી આપી હેરાન કરતો હતો.

આમ યુવાને આ તમામ વ્યાજખોરોને મૂડી કરતા પણ વધુ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતા હોવાથી થાકેલા, હારેલા યુવાને આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે મની લેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી વચ્ચે ૬એ વ્યાજખોરોની શોધખોળ આદરી છે.

### હનુમાન જયંતીએ થયેલી બોલાચાલીનો લીધો બદલો : ખોડીયારપરામાં યુવાનને ધોકા ફટકારતા અજાણ્યા શખ્શો : ચોરી-મારામારીના ગુનામાં નાસતા ફરતા બે ઝડપાયા

# જૂના મનદુઃખનો ખાર રાખી ગાંધીગ્રામમાં વૃદ્ધ પર હુમલો



રાજકોટ, તા.૧૦

હનુમાન જયંતિએ થયેલ બોલાચાલીનો ખાર રાખી ગાંધીગ્રામમાં જયરાજભાઈ ઉપર હુમલો કર્યો હતો. ખોડીયારપરામાં આકાશને અજાણ્યા શખ્સોએ ધોકાથી ફટકાર્યો હતો. પ્રથમ બનાવમાં જયરાજભાઇ મુળુભાઇ વાળા (ઉંમર વર્ષ ૬૦, રહે. ગાંધીગ્રામ શેરી નંબર ૧, રાજકોટ) ગઈ તા. ૩/૪/૨૦૨૬ ના રાત્રે ૧૦:૩૦ વાગ્યાં આસપાસ પોતે પોતાના ઘર પાસે હતા.

ત્યારે સામેવાળા કમલેશ, બબુ અને રાજુ તથા તેની સાથેના માણસોએ ઝઘડો કરીને પાઈપ પડે માર મારતા હાથના ભાગે આંગળીમાં ઈજા થઈ હતી. જે તે સમયે ઓપીડી સારવાર લીધી જતી. બાદમાં નિદાન થતા આંગળીમાં ફ્રેક્ચર જેવી ઈજા હોય, રાજકોટ સિવિલમાં ગઈકાલે દાખલ થયા હતા.

જાણવા મળ્યા મુજબ હનુમાન જયંતીના દિવસે ગાંધીગ્રામ માં આવેલ ગંગેશ્વર મહાદેવ ખાતે સામેવાળા લોકોએ પુજારી સાથે બોલાચાલી કરી હતી. જેથી જયરાજભાઇએ વચ્ચે પડીને સામેવાળા યુવાનોને સમજાવ્યા હતા. જે બાબતનો ખાસ રાખીને બીજે દિવસે પાઇપ વડે હુમલો કર્યો હતો.

બીજા બનાવમાં આકાશભાઈ હરિશ્ચંદ્રભાઇ જાટ (ઉંમર વર્ષ ૨૨, રહે.ખોડીયારપરા, શેરી નંબર ૨૦) ગઈકાલે બપોરે ત્રણ વાગ્યા આસપાસ પોતે ખોડીયારપરામાં હતો ત્યારે અજાણ્યા માણસોએ ધોકા વડે માર મારતા માથે અને શરીરે ઇજા થતાં રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો.

**બાવન બોટલ સાથે ઝબ્બે**

કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વી.આર. વસાવા, પીએસઆઈ એ.એ. બ્લોચ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે ત્યારે કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, કુશલભાઈ જોશી અને જયદીપભાઇ ધોળકિયાને મળેલી બાતમીના આધારે નવાગામ આણંદ પર રંગીલા સોસાયટી શંકરના મંદિરની સામે આવેલા મકાનમાં રહેતા બળદેવ પલાળીયાના મકાનમાં દરોડો પાડ્યો હતો.

પોલીસે અહીંથી રૂપિયા ૪૩,૮૭૭ ની કિંમતનો ૫૨ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે દારૂના આ જથ્થા સાથે બળદેવ સંગ્રામભાઈ પલાળીયા(ઉ.વ. ૨૫) ને ઝડપી લઇ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**ચોરી-મારામારીમાં ફરારી બે ઝડપાયા**

કુવાડવામાં થયેલી મારમારીના ગુનામાં છ માસથી નાસતા ફરતા કુખ્યાત આરોપી ચોટીલાના ખેરડી ગામના રીઢા આરોપીને કુવાડવા પોલીસે માલિયાસણ બાયપાસ પાસેથી ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઇ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઇ એ.એ.બ્લોચ તથા તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે તપાસમાં હતી.

આજીડેમ પોલીસ મથકના પીઆઇ એચ.એન.પટેલની સહિતની ટીમ ફરાર આરોપીને પકડવા તપાસમાં હતી. ત્યારે આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ફરાર આરોપી રાજુ ઉર્ફે સુરેશ વેરશી વાઘેલા(ઉ.વ. ૩૦ રહે. કઠવા તા. તળાજા) હાલ તળાજામાં નોંધાયેલા ગુનામાં ભાવનગર જેલમાં ટ્રાન્સફર વોરંટના આધારે તેનો કબ્જો મેળવી જરૂરી કાર્યવાહી કરી હતી.

તે દરમિયાન કોન્સ્ટેબલ જયદીપ ધોળકીયા, કુશલ જોષી, જયપાલ બરાળીયા અને ભાવેશ મકવાણાને મળેલી બાતમીના આધારે મારમારીના ગુનામાં છ માસથી ફરાર ચોટીલાના ખરેડી ગામના જયેશ ઉર્ફે જહો જાદવભાઇ ધોળકીયાને રાજકોટ અમદાવાદ હાઈવે પર માલિયાસણ બાયપાસ પાસેથી ઝડપી લીધો હતો. ઝડપાયેલો આરોપી જયેશ ઉર્ફે જહો કુવાડવા,એરપોર્ટ પોલીસ સ્ટેશનના મારામારીના ત્રણ ગુનામાં નાસતો ફરતો હતો. આરોપી સામે અગાઉ પોકસો, મારમારી, હત્યા,આર્મ્સ એકટ, મારામારી સહિતના છ ગુના નોંધાઇ ચૂકયા છે.

### ''પતિ, પત્ની ઓર વો''માં પત્નીએ ટપાર્યો તો ધોકાવી નાખી !

# પત્નીને મારઝૂડ કરનાર પતિ સામે ગુનો

### શૌતન સાથે વાત કરતા પતિ પકડાયા બાદ લાજવાને બદલે ગાજ્યો'તો : માલવિયા નગર પોલીસમાં ગુનો



રાજકોટ, તા.૧૦

પારકી સ્ત્રી સાથે ફોન પર વાત કરતા પકડાઈ જતાં પતિ બેફામ બન્યો હતો અને પત્ની સાથે મારઝૂડ કરતા માલવીયાનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મૂળ માંગરોળના અને હાલ મુંબઈ ખાતે રહેતા આશાબેન જયભાઈ કીકડીયાએ રાજકોટના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં એક પરણીતાએ પોતાના પતિ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ગંભીર ફરિયાદ નોંધાવી છે.

મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન વર્ષ ૨૦૧૯ માં જય નીતીન કીકડીયા સાથે થયા હતા.

વધુમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, લગ્ન બાદ આ દંપતી રાજકોટના દ્વારકાધીશ સોસાયટી વિસ્તારમાં ભાડે રહેવા આવ્યું હતું. શરૂઆતમાં બધું બરાબર ચાલ્યું, પરંતુ ઓગસ્ટ ૨૦૨૪ માં એક રાત્રે પતિ અન્ય કોઈ સ્ત્રી સાથે ફોન પર વાત કરતા પકડાઈ જતાં વિવાદની શરૂઆત થઈ હતી. પત્નીએ આ બાબતે પૂછપરછ કરતા પતિએ ઉદ્ધત વર્તન કરી મારઝૂડ કરી હતી. પતિ કોઈ અજાણી સ્ત્રીના પ્રેમમાં હોવાથી અવારનવાર પત્નીને ઢીકાપાટુ મારતો અને માનસિક રીતે હેરાન કરતો હતો. આશાબેને ફરિયાદમાં પોતાના સાસુ-સસરાને પણ જાણ કરી હતી, પરંતુ તેમણે કોઈ ધ્યાન આપ્યું નહોતું. પાંચ વર્ષનો પુત્ર હોવાથી આશાબેન અત્યાર સુધી આ ત્રાસ સહન કરતા રહ્યા હતા, પરંતુ પતિના વધતા જતા અત્યાચાર અને મારઝૂડથી કંટાળીને આખરે દોઢ મહિના પહેલા તેઓ મુંબઈ ખાતે પોતાના પિતાના ઘરે રહેવા જતા રહ્યા હતા. પત્નીએ પોતાના સોના-ચાંદીના દાગીના અને ઘરવખરી પરત માંગતા સાસરી પક્ષે તે આપવાનો પણ ઈન્કાર કરી દીધો હોવાનો આક્ષેપ કર્યો છે.

હાલમાં આશાબેનની ફરિયાદના આધારે માલવીયાનગર પોલીસે આરોપી પતિ જય નીતીન કીકડીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પત્નીએ આક્ષેપ કર્યો છે કે, પતિ હાલ મુંદ્રા ખાતે રહેવા જતો રહ્યો છે અને ફોન પર પણ યોગ્ય જવાબ આપતો નથી.

# નિવૃત્ત કર્મચારી સાથે ૫.૬૬ લાખની ઠગાઈ

### બેંક કર્મીના નામે APK ફાઈલ મોકલીને કરી છેતરપીંડી : કાજુના વેપારીને ઉંચો નફો બતાવી ૬ લાખનો ચૂનો

રાજકોટ, તા.૧૦


રાજકોટ જિલ્લા પંચાયતના નિવૃત્ત કર્મી સાથે સાયબર ફ્રોડનો બનાવ સામે આવ્યો છે.બેંક કર્મીની ઓળખ આપી ગઠિયાએ અડઊં ફાઇલ મોકલી રૂ.૫.૬૬ લાખ પડાવી લેતાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. તો રાજકોટના ભેજાબાજ શખ્સે કાજુના ધંધામાં ઉંચો નફો બતાવીને વાંકાનેરના વેપારી સાથે ૬ લાખની ઠગાઈ કરી હોવાની પણ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવાઈ છે.

બનાવ અંગે રાજકોટમાં રૈયા રોડ પર સુભાસનગરમાં રહેતાં હિતેષભાઇ લલીતભાઈ ધોળકીયા (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોબાઈલ નંબર ૯૩૪૧૨૫૮૪૪૭ અને એક્સીસ બેંકના એકાઉન્ટ ૯૨૪૦૧૦૦૩૭૯૩૬૭૭૮ ના ધારકનું નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જીલ્લા પંચાયતમાં વર્ક આસીસન્ટની નોકરી કરેલ અને હાલ નિવૃત જીવન ગાળે છે. ગઇ તા. ૨૩/૧૦/૨૦૨૫ ના રોજ તેઓના મોબાઇલ ઉપર અજાણ્યા મોબાઇલ નંબર ૯૩૪૧૨૫૮૪૪૭ પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતે એક્સીસ બેંકમાંથી બોલતા હોવાની ઓળખ આપી જણાવેલ કે, તમારા બેંક એકાઉન્ટનું કેવાયસી અપડેટ કરવાનું છે. ત્યારબાદ તેણે કહ્યું કે, તમારા વોટ્સએપ ઉપર એક એપીકે ફાઇલ મોકલેલ છે, જેને ડાઉનલોડ કરીને તેમાં આધારકાર્ડ અને ડેબિટ કાર્ડની વિગતો ભરવાની રહેશે.

બાદ થોડીવારમાં તે જ નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો અને તેના કહેવા મુજબ તે એપીકે ફાઇલ ડાઉનલોડ કરી તેમાં આધારકાર્ડ તથા એક્સીસ બેંક ડેબીટ કાર્ડ નંબર દાખલ કર્યા હતા. ત્યારબાદ તે વ્યક્તિએ કહ્યું કે, ૨૪ કલાકમાં પ્રક્રિયા પૂર્ણ થશે અને ફોન કાપી નાખ્યો હતો.

ત્યારબાદ તા. ૨૫/૧૦/૨૦૨૫ ના રોજ સાંજે તે જ નંબર પરથી ફરી ફોન આવ્યો અને ઓવર ડ્રાફ્ટ સુવિધા શરૂ




કરાવવાના બહાને એક્સીસ બેંક એપ ખોલાવી તેઓની એફડી તોડાવડાવી અને પેય વિકલ્પમાં જઈ ઓટીપી મેળવી વિવિધ ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા. પરંતુ બાદમાં એક્સીસ બેંક કસ્ટમર કેર તરફથી ફોન આવતાં શંકા જતાં ફોન બંધ કરી દીધો હતો .

ત્યારબાદ તા. ૨૭/૧૦/૨૦૨૫ ના એક્સીસ બેંકમાં જઈ બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ મેળવ્યું ત્યારે જાણવા મળ્યું કે, તેઓના એકાઉન્ટમાંથી કુલ રૂ.૫.૬૬ લાખનું ટ્રાન્ઝેક્શન થઈ ફ્રોડ થયેલ છે. જે અંગે સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર અરજી કરી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.બી.જાડેજા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

જ્યારે બીજા એક બનાવમાં વાંકાનેરની જુની દાણાપીઠમાં દુકાન ધરાવતા કરિયાણાના વેપારીને કાજુના ધંધામાં રોકાણ કરીને વધુ નફો અપાવવાની રાજકોટના શખ્સે લાલચ આપી હતી જેથી યુવાને જૂન ૨૦૨૫ માં કુલ મળીને છ લાખ રૂપિયાનું કાજુના ધંધામાં રોકાણ કર્યું હતું જોકે યુવાનની સાથે વિશ્વાસઘાત કરતા યુવાને હાલમાં રાજકોટના શખ્સ સહિત તપાસમાં જેના નામ ખુલે તેની સામે ફરિયાદ કરેલ છે.

વાંકાનેરના નવા કણકોટ ગામે રહેતા અયુબભાઈ ઇસ્માઈલભાઈ શેરસીયા (૩૨)એ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે સબીરહુશેન મહમદભાઈ કાસમાણી રહે. ન્યુ ઘાંચીવાડ શેરી નં. ૮ રાજકોટ તથા તપાસમાં જેના નામ ખુલે તેની સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવેલ છે જેમાં જણાવ્યું છે કે તેની વાંકાનેરમાં આવેલ જૂની દાણા પીઠમાં સંજરી ટ્રેડર્સ નામની કરિયાણાની દુકાન આવેલ છે.

અને આરોપીએ ફરિયાદી સાથે પારિવારિક સંબંધ બનાવીને તેને વિશ્વાસમાં લઈને જૂન ૨૦૨૫ માં કાજુના ધંધામાં રોકાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપી હતી જેથી ફરિયાદીએ સમયાંતરે કુલ મળીને ૬ લાખ રૂપિયાનું રોકાણ પોતાની ફાઈવસ્ટાર ડ્રાયફ્રુટ પેઢીના એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકના કરંટ એકાઉન્ટમાંથી રુપિયાનું રોકાણ કર્યું હતું અને રોકાણની સામે વધુ નફો આપવાની લાલચ આપી હતી.

જો કે આજ દિવસ સુધી ફરિયાદીને આરોપીએ તેને રૂપિયા પણ પાછા આપેલ નથી જેથી યુવાનની સાથે વિશ્વાસઘાત કરવામાં આવેલ હોય ભોગ બનેલ યુવાને નોંધાવેલ ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરેલ છે.

# ડીજીટલ એરેસ્ટ કરી વૃધ્ધા પાસેથી પડાવ્યા ૭૮ લાખ

## 'તમારું આધારકાર્ડ સાયબર આતંકવાદના ગંભીર ગુનાઓમાં ઉપયોગમાં થયો હોવાનો ડર બતાવી ભેજાબાજોએ વૃદ્ધાને ખંખેર્યા




**તમારા આધારકાર્ડ પરથી નવું સિમ કાર્ડ લેવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ ન્યુડ ફોટા વિડિયો અપલોડ કરી પૈસા કમાવવા માટે કરાયો, જેથી તમારા વિરુદ્ધ મુંબઈ ખાતે ફરિયાદ નોંધાઈ હોવાનું કહીં ફસાવ્યાં**

રાજકોટ. તા.૧૦

સાયબર ક્રાઈમ બાબતે રાજ્ય સરકાર અને પોલીસ બંને જાગૃત અંગે અનેક કાર્યક્રમો કરી રહી છે, પરંતુ લોકો જાગૃત થતા જ નથી અને સાયબર ફ્રોડનો ભોગ બને છે. ત્યારે તેવો જ વધુ એક બનાવ રાજકોટમાં સામે આવ્યો છે. જેમાં એક વૃધ્ધ મહિલા ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૭૮ લાખ સાયબર માફિયાઓએ પડાવી લીધા હતાં. તમારું આધારકાર્ડ સાયબર આતંકવાદના ગંભીર ગુનાઓમાં ઉપયોગમાં લેવાયેલ છે કહીં સાયબર ફ્રોડ આચરનાર શખ્સો સામે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રહેતાં એક ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ એકલાં જ રહે છે. ગઈ તા. ૩૦/૦૯/૨૦૨૫ ના સાંજે તેમના મોબાઇલ નંબર ઉપર અજાણ્યા મોબાઇલ નં. ૯૩૧૧૯૬૮૪૯૨ પરથી ફોન આવેલ અને ફોન કરનાર અજાણ્યા વ્યક્તિએ પોતે ટેલિકોમ કંપનીમાંથી બોલે છે તેમ કહી જણાવ્યું કે તમારા આધારકાર્ડ પરથી નવું સિમ કાર્ડ લેવામાં આવેલ છે અને તેનો ઉપયોગ ન્યુડ ફોટા તથા વિડિયો અપલોડ કરી પૈસા કમાવવા માટે કરવામાં આવે છે, જેથી તમારા વિરુદ્ધ મુંબઈ ખાતે ફરિયાદ નોંધાઈ છે.

**તમને ૧૦ વર્ષથી આજીવન કેદની સજા થઈ શકે છે કહેતાં જ એકલા રહેતાં વૃધ્ધા ગભરાયા અને લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધાઃ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી**

ત્યારબાદ ફરિયાદીને તેમની આધારકાર્ડ વોટ્સએપ પર મોકલવાનું કહેતાં વિશ્વાસમાં આવી આધારકાર્ડ મોકલી આપેલ હતું. ત્યારબાદ સામાવાળાએ જણાવ્યું કે તમારું નામ મની લોન્ડરિંગ કેસમાં નરેશ ગોયલ સાથે જોડાયેલ છે. ત્યારબાદ અજાણ્યા મોબાઈલ નં. ૯૫૧૪૯૦૫૫૩૮ પરથી વોટ્સએપ વિડિયો કોલ આવેલ હતો, જેમાં સામેવાળી વ્યક્તિએ પોતે પોલીસ અધિકારી હોવાનું જણાવી પોલીસની યુનિફોર્મ પહેરી પોતાની ઓળખ સી.બી.આઈ. પોલીસ અધિકારી તરીકે આપી હતી. ત્યારબાદ તેણે પોતાનું નામ પીએસઆઇ વિજય પાટીલ જણાવી કહેલ કે, તમારું નામ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ હોવાથી તમને તપાસ માટે ધરપકડ કરવામાં આવશે અને હાલ તમો ડીઝીટલ એરેસ્ટમાં છો જેનો એરેસ્ટ મેમો મોકલેલ હતો. આરોપીઓએ વધુમાં જણાવ્યું કે, તમારું આધારકાર્ડ સાયબર ક્રાઈમ તથા સાયબર આતંકવાદ જેવા ગંભીર ગુનાઓમાં ઉપયોગમાં લેવાયેલ છે અને તમને ૧૦ વર્ષથી આજીવન કેદની સજા થઈ શકે છે, જેથી તમે અમારી સાથે સહકાર આપવો પડશે. આરોપીઓ દ્વારા વૃધ્ધાને વારંવાર વિડિયો કોલ પર રાખવામાં આવેલ અને બીજા દિવસે વિડિયો કોલ દરમિયાન કોર્ટ જેવી પરિસ્થિતિ બતાવી જજના યુનિફોર્મમાં એક વ્યક્તિ બતાવવામાં આવેલ હતો. જેમણે આરોપીઓ સાથે સહકાર આપવા જણાવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ જણાવ્યું કે, જો તમે અમારી વાત મુજબ નહીં કરો તો તમને તાત્કાલિક ધરપકડ કરવામાં આવશે. તેમજ તમારે તમારી તમામ એફ.ડી. તોડી બેંક સ્ટેટમેન્ટ મોકલવું પડશે અને તમારા નાણા સરકારી વેરિફિકેશન માટે ટ્રાન્સફર કરવા પડશે, તપાસ પૂર્ણ થયા બાદ તે રકમ તમને પરત આપવામાં આવશે. આ રીતે આરોપીઓની વાતોમાં આવી અને ધરપકડના ભયથી અલગ અલગ દિવસે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ.૭૮ લાખ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેઓને સમજાયું કે, તેમની સાથે સાયબર ફ્રોડ થયેલ છે, જેથી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઈન અરજી નોંધાવી હતી. જે બાદ સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવતા પીઆઈ બી.બી.જાડેજા અને ટીમે તપાસ આદરી હતી.

### સાયબર ફ્રોડમાં વપરાયેલા મોબાઈલ નંબર-બેંક એકાઉન્ટ

શહેરની વૃધ્ધ મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી રૂ.૭૮ લાખ પડાવી લેવાના ગુનામાં એલગ અલગ મોબાઈલ નંબર અને બેંક એકાઉન્ટ નંબરનો ઉપયોગ થયો છે. જેમાં મોબાઈલ નંબર ૯૩૧૧૯૬૮૪૯૨ અને ૯૫૧૪૯૦૫૫૩૮ સામે આવ્યાં છે. તેમજ જે એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા તેમાં યસ બેંકના એકાઉન્ટ નં. ૧૪૨૯૮૮૭૦૦૦૦૦૦૮૫,

ઢાંઢીયા ગામની સીમમાં દારૂના કટિંગ સમયે ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી

# ત્રણ બુટલેગર દારૂ સગેવગે કરે તે પહેલા ૯૦૭૨ બોટલ સાથે ઝડપાયા

## ૨૨.૩૬ લાખનો દારૂ, આઈસર, બે કાર અને ત્રણ મોબાઈલ મળી ૩૨.૧૬ લાખનો મુદ્દામાલ કબજે



રાજકોટ. તા.૧૦

ઢાંઢીયા ગામની સીમમાં ચાલતાં દારૂના કટીંગ વખતે ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકીને ૨૨.૩૬ લાખની દારૂની ૯૦૭૨ બોટલ, બે કાર, આઈસર અને ત્રણ મોબાઈલ સહીત ૩૨.૧૬ લાખના મુદ્દામાલ ત્રણ બુટલેગરોને દબોચી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.એલ. ડામોર, પીએસઆઇ ડી.પી.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઇ સમીરભાઈ શેખ, કોન્સ્ટેબલ જીલુભાઈ ગરચર અને મનીષભાઈ ચાવડાને આજીડેમ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ઢાંઢીયા ગામની સીમમાં ખરાબામા દારૂ ભરેલ ટ્રકમાથી દારૂનું કટીંગ થવાનુ હોવાની બાતમી મળતા દરોડો પડાયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઢાંઢીયા ગામની સીમમાં ખરાબામાં જાહેરમાં વિદેશી દારૂનુ કટીંગ કરતા આઈસર ટ્રક, મારૂતી સ્વીફ્ટ અને બલેનો કાર સાથે શાસ્ત્રીનગર ૯/૨૦નો ખુણો, રાણીમાં રૂડીમાં ચોક, રૈયાધારના દિનેશ ઉર્ફે રવી છેલા બોળીયા, આંબેડકરનગર શેરી નં-૧૩/૧૪ નો ખુણો એસ.ટી વર્કશોપ પાછળ રહેતા નરસિંહ મનસુખ ચોહાણ અને બાર માળીયા ક્વાર્ટર, બી-૬૦૧, રાણીમાં રૂડીમાં ચોક રૈયા ધારના મથુર લક્ષ્મણ પરમાર (ઉ.વ.૨૫, રહે-) ને પકડી પાડી ૩૨.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા ત્રણેયની આકરી પૂછપરછ દરમિયાન પોલીસને વિગતો મળી હતી કે, દારૂનો જથ્થો રાજકોટના કુખ્યાત બુટલેગર આનંદ ઉર્ફે બાબુ રણછોડ પરમારે મંગાવ્યો હતો અને તે અન્ય બુટલેગરને બોલાવી કટીંગ કરાવતો હતો પણ તે પહેલા જ પોલીસ પહોંચી ગઈ હતી. પોલીસે નાસી છૂટેલા બુટલેગર આનંદ ઉર્ફે બાબુ, આઈસર ટ્રકનો ચાલક અને સ્વીફ્ટ કારના ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# પગપાળા જતા વૃદ્ધનું કાર હડફેટે મોત



**કાલાવડ રોડ પર સ્વામીનારાયણ મંદિર નજીકનો બનાવ : કાર ચાલક સામે ગુનો**

રાજકોટ, તા.૧૦

ગોંડલ રોડ પર રહેતા નીખીલભાઈ ધનસુખલાલ કામદારે, પોતાના કાકા ચંદ્રકાંત ભોગીલાલ કામદારનુ, કાલાવડ રોડ પર, સ્વામીનારાયણ મંદિર પાસે કાર ચાલકે હડફેટે લઈને મૃત્યુ નિપજાવવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ અરીહંત રૂચીપાર્ક પ્લોટ નં-૩૨ એરપોટ રોડ પર રહેતા નિખીલભાઈ ધનસુખલાલ કામદારે કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તે ગોંડલ રોડ ખાતે ૨૦૨ અજેતા કો.કોમ્પ્લેક્ષમાં નીખીલ એન્ટરપ્રાઇઝ નામની પેઢી ધરાવી ઓટોપાર્ટસનો વેપાર ધંધો કરી ગુજરાન ચલાવે છે. અને તેમના કાકા ચંદ્રકાન્ત ભોગીલાલ કામદાર (ઉ.૭૩) વાળા અને કાકી દર્શનાબેન કામદાર ઉ.૬૨ વાળા સાથે, ૮૦૩ રામાક્રીષ્ન એપાર્ટમેન્ટ, જલારામ-૧, યુની રોડ રાજકોટ ખાતે રહે છે.

આજરોજ તા.૧૦/૦૪/૨૦૨૬ ના સવારના સવા સાતેક વાગ્યાના અરસામાં તેઓએ તેમના ઘરે ઘરે હતા ત્યારે મોબાઈલ ફોનમા તેમના કાકા ચંદ્રકાન્તભાઈઈના ફોનમાથી જણાયા વ્યક્તિનો ફોન આવ્યો હતો કે આ મોબાઈલ ધરાકનું અકસ્માત થયો છે.

આવા સમાચાર મળતા જ નિખીલભાઈ એકટીવા લઈને ઉપરોક્ત સ્થળે પહોંચતા કાકા જમીન ઉપર બેભાન હાલતમાં પડચા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઉભેલી જોવા મળી હતી. ઘટના સ્થળેથી વિગતો મળી હતી કે ગ્રે કલરની વેન્યુ કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો.

નિખીલભાઈના કાકા કાલાવડ રોડ ઉપર, સ્વામીનારાયણ મંદિર પાસેથી ચાલીને જતા હતા ત્યારે કારના ચાલકે પાછળથી તેમને હડફેટે લેતા તેઓને માથે શરીરે ગંભીર ઈજા થઇ હતી અને જમણા કાનની બાજુમાં અને ગાલ ઉપર લોહી નીકળતું જોવા મળ્યું હતું. તેઓને તાત્કાલિક સિવિલમાં લઈ જવાયા હતા પણ ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. બનાવની મૃતકના ભત્રીજાની ફરિયાદ પરથી પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



પિતાના ઘરે સુવા ગયેલા પુત્રના મકાનમાં તસ્કરોનો હાથફેરો

# જૂની કલેકટર કચેરી પાછળ ૭૬ હજારની ઘરફોડી

રાજકોટ, તા.૧૦

શહેરની જૂની કલેકટર કચેરી પાછળ રહેતા આકાશભાઈ અશોકભાઈ અગ્રાવતે પોતાના મકાનમાંથી ૭૦ હજાર રોકડ અને ૬ હજારનો સોનાનો પાટલો મળી ૭૬ હજારની ચોરી થયાની પ્રનગર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

ફરિયાદમાં નરસંગપરા, જુની કલેક્ટર ઓફિસ પાછળ સુલભ સૌચાલય પાસે આકાશભાઇ અશોકભાઈ અગ્રાવતે જણાવ્યું છે કે,પોતે ઉપરના સરનામે પરિવાર સાથે રહે છે અને ગોકુલ હોસ્પિટલ પાસે કુવાડવા રોડ પર ચાની હોટલમાં મજુરીકામ કરે છે.

ગઇ તારીખ ૧૬/૦૬/૨૦૨૫ ના રોજ તેમના પિતાના ઘરે કોઇ હતું નહી જેથી તે પત્નિ ભારતીબેન અને બે બાળકો સાથે ઘરની સામે તેમના પપ્પા અશોકભાઈના ઘરે સુવા ગયા હતા. તે રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યે ઘરનાં દરવાજે તાળુ મારીને ગયા હતા અને.૧૭/૦૬ના સવારે સવા પાંચેક વાગ્યે જાગીને આકાશ ઘરે ગયો ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો અને તાળુ તૂટેલું હતુ. અને દરવાજાનો નકુચો બેવડો થઈ ગયો હતો, રૂમની અંદર જતા સામાન વેરવિખેર હતો.

તેમણે રૂમમાં શેટીના ગાદલાની નીચે મૂકેલા રૂપિયા અલગ અલગ દરની નોટો મળીને રૂપિયા ૭૦,૦૦૦/- જોવા મળ્યા નહોતા. તેમજ અભેરાઈ પર ડબ્બીમા રાખેલો સોનાના પાટલાની જોડીમાંથી એક ૬ હજારનો પાટલો જોવા મળ્યો નહોતો. આમ, ઘરમાંથી ૭૬ હજારની મત્તા ચોરાઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું પણ સોનાના પાટલાનું બીલ ન મળવાથી જે તે વખતે ફરિયાદ કરી નહોતી, હવે બીલ મળી જતા, આ બારની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પ્રનગર પોલીસે તપાસ આદરી છે.

**ઉછીના આપેલા પૈસાની માંગણી કરીને ચાર શખ્શ તૂટી પડ્યા**

# રિક્ષાચાલક ઉપર ચાર શખ્સનો છરી-પાઈપથી હુમલો

## કેકેવી ચોક નજીકનો બનાવ : હાથમાં ફ્રેકચર સાથે ઘાયલ યુવાન સિવિલમાં સારવારમાં



રાજકોટ, તા.૧૦

ભગતસિહ ગાર્ડનવાળી શેરી આવાસ યોજનાના ક્વાર્ટરમાં પટેલ મીલની સામે યુનિવર્સીટી રોડ પર રહેતા ૩૨ વર્ષીય યુવાન અનીલભાઇ કુમારભાઇ કુકરેજા ઉપર વિજય સોલંકી, રોહિલ ગોહિલ, ગુડ્ડુ રાજપૂત અને મહેશ સોંદરવાએ છરી અને પાઈપથી કેકેવી ચોકમાં હુમલો કરતા રસ્તે આવતા જતા રાહદારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. હુમલામાં ઘવાયેલા યુવાનને ડાબા હાથમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા સાથે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. પોલીસે હુમલાખોર ચારેય સામે ગુનો નોંધી શોધખોળ આદરી છે.

ફરિયાદમાં સિંધી યુવાન અનીલ કુમારભાઈ કુકરેજાએ જણાવ્યું છે કે તે ડ્રાઈવિંગની મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં પત્ની ગીતાબેન અને ૧૩ વર્ષની પુત્રી હેતલ રહે છે.

આજથી આશરે છએક મહીના પહેલા તેમણે મેટોડા જી.આઈ.ડી.સી. ગેટ નં-૦૨૦૨ની અંદર એકતા નગર ખાતે રહેતા પપ્પુ ઉર્ફ અલ્પેશ શંકરભાઇ ગોહીલ પાસેથી જરૂરિયાત સબબ ૧ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. આ રકમ સામે તેમણે કટકે કટકે ૪૦ હજાર પરત પપ્પુને આપી દીધા હતા. દરમિયાન ગઈકાલે તા. ૯ના રોજ રાત્રીના પપ્પુ ગોહીલનો કોલ આવ્યો હતો અને બાકી નીકળતા પૈસાની માંગણી કરી હતી. અને ધમકી આપી હતી કે પૈસા ના આપવા હોય તો તારી રીક્ષા ઘરે આપી જા. આવા સમયે અનીલએ પપુને કહ્યું હતું કે હું તમારા બાકી નિકળતા રૂપિયા તમને કટકે કટકે પરત આપી દઈશ. આમ મે પપ્પુભાઈને કહેતા પપ્પુએ માથાકુટ કરવા લાગતા તેમણે ફોન મૂકી દીધો હતો.

દરમિયાન આજે રાત્રે રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ મારા પર કુબલીયા પરામાં રહેતા વિજય સોલંકીનો ફોન આવ્યો હતો મળવા માટે કાલાવાડ રોડ કે.કે.વી ચોક પાસે આવેલ જય સીયારામ હોટલે બોલાવ્યો હતો. જેથી અનીલ તેમજ તેનો મિત્ર રાહુલ નારણભાઇ રાઠોડ અને કરણ દિપકભાઇ માવજાણી જય સીયારામ હોટલે ગયા હતા. થોડીવાર પછી એક સ્કોપીયો ગાડીમાં પપ્પુનો દિકરો રોહીત ઉર્ફ સુજો અને ગુડ્ડુ રાજપુત તેમજ વિજય સોલંકી અને મહેશ સોંદરવા આવ્યા હતા. અને ગાડીમાથી વિજય સોલંકી નીચે ઉતરી વાતચીત કર્યા બાદ તેના પેન્ટના નેફા માથી છરી કાઢીને ડાબા હાથમાં મારી દીધી હતી. અને બાદમાં રોહીત ઉર્ફ સુજો અને ગુડ્ડુ રાજપુત તેમજ મહેશ સોંદરવા ગાડીમાથી લોખંડના પાઈપ લઈને નીચે ઉતારી પાઈઈપથી મારવા લાગ્યા હતા. આજતો તને મારી નાખવો છે તેવું કહી ચારેય અનીલ ઉપર તૂટી પડતા રસ્તે રાહદારીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. જો કે લોકોના ટોળા જોઈને ચારેય નાસી છુટ્યા હતા. બીજીબાજુ લોહીલુહાણ થઇ ગયેલા અનીલને ડાબા હાથમાં ફ્રેકચર અને શરીરે મૂઢ ઈજા સાથે સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. હોસ્પિટલ બિછાનેથી અનિલે પોતાના પર થયેલા હુમલાની ફરિયાદ આપતા પોલીસે ઉપરોક્ત ચારેય સામે ગુનો નોંધી શોધખોળ આદરી છે.

# રાજકોટ મનપાના ૭૨ ઉમેદવારો જાહેર કરતુ ભાજપ

## પૂર્વ મેયર, પૂર્વ સ્ટે.ચેરમેન, પૂર્વ દંડક સહિત અનેક દિગ્ગજોના પત્તા કપાયા : યુવાઓને અપાઈ તક : વિજય વિશ્વાસ સંમેલન યોજી આજે ૧૮ વોર્ડના ૭૨ કોર્પોરેટરો ભરશે નામાંકન પત્ર



રાજકોટ,તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે ત્યારે છેલ્લા ઘણા સમયથી આતુરતા પૂર્વક રાજકોટ મહાનગરપાલિકાના ૭૨ ઉમેદવારોના નામની જાહેરાત માટે વાટ જોવાતી હતી તે પૂર્ણ થઈ ચુકી છે. ગઈકાલે સાંજે પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના ૭૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. જેઓ આજે મોટી રેલી મારફતે નામાંકનપત્ર ભરશે. હાલ જે વિગતો મળી રહી છે તેમાં અનેકવિધ મોટા ગજાના આગેવાનોના નામ કાપવામાં આવ્યા છે અને માત્ર ૨૧ પૂર્વ કોર્પોરેટરોને રિપીટ કરાયા છે. મહાનગરપાલિકા રાજકોટનાં ઉમેદવાર નક્કી કરવામાં પ્રદેશ ભાજપ દ્વારા ઘણુ હોમવર્ક કરવામાં આવ્યું હતું. કારણ કે અનેકવિધ વોર્ડમાં ઉમેદવારીને લઈને પ્રશ્નો ઉભા થયા હતાં તો ઘણા ખરા પૂર્વ કોર્પોરેટરો દ્વારા ભૂતકાળમાં કરેલા કામોનો વિરોધ પણ જોવા મળ્યો હતો. ત્યારે પ્રદેશ સંગઠન માટે રાજકોટ મનપાના ઉમેદવાર નક્કી કરવા લોઢાના ચણા ચાવવા સમાન હતું.

હાલ જે નામો કાંપવામાં આવ્યા છે તેમાં પૂર્વ મેયર સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન, દંડક સહિત અનેક વર્તમાન અને ભૂતપૂર્વ મનપાના હોદ્દેદારોના નામ ઉપર કાતર ફેરવી દેવામાં આવી છે. એટલું જ નહીં નો-રીપીટ થ્રીયરીનો સંકેત પણ સ્પષ્ટ પણે દેખાયો છે. મળતી માહિતી મુજબ, પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા તથા ભૂતપૂર્વ વોર્ડ નં.૨ના કોર્પોરેટર અને પૂર્વ સ્ટે.ચેરમેન જૈમીન ઠાકર તથા દંડક મનીષ રાડિયાને ટીકીટ આપવામાં આવી નથી. જેને લઈને ખુબ મોટો ઉહાપો પણ જોવા મળ્યો છે. જૈમીન ઠાકરના નામને લઈને ભૂતકાળમાં અનેક વિવાદો થયા હોવાની ચર્ચાએ જોર પકડયું હતું. તો સામે મનપાના પૂર્વ ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજાને વોર્ડ નં.૩માંથી રિપીટ કરવામાં આવ્યા છે તો પૂર્વ મેયર પ્રદીપ ડવને પણ રિપીટ કરાયા છે.

પ્રદેશ ભાજપ દ્વારા જે નવા નામોની જાહેરાત થઈ તેમાં અનેક નવા અને યુવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, સાંસદ પરસોત્તમ રૂપાલાના અંગત સેક્રેટરી મનીષ ભટ્ટને પણ ટિકીટ મળી છે તો કહી શકાય કે વોર્ડ-૧માં યુવા એડવોકેટ અને સંઘ સાથે ગાઢ સબંધ ધરાવનાર પરેશ ઠાકરને પણ ભાજપે ટીકીટ આપી છે. જ્યારે વોર્ડ નં.૧ના પૂર્વ કોર્પોરેટર અલ્પેશભાઈ મોરજરીયાના પત્ની અંજનાબેનને પણ પક્ષે ટિકીટ આપી છે. જ્યારે વોર્ડ નં.૨માં મિનાબા અજયસિંહ જાડેજાને રિપીટ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ભાજપે નિર્ધારિત માપદંડોથી ઉપર ઉઠીને ટિકીટની વહેંચણી કરી હોય તેવું જણાઈ રહ્યું છે. મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયાને પણ ટિકીટ આપવામાં આવી છે. જેમની વયમર્યાદાને લઈને અગાઉ ચર્ચા થઈ હતી. કોંગ્રેસે વોર્ડ નં.૧૦માં જાણીતા ઉદ્યોગપતિ તથા બિલ્ડર ઘનશ્યામ હેરભાને પણ તક આપી છે તો વોર્ડ નં.૧૮માં સંજયસિંહ રાણા તથા ભારતીબેન પરસાણાને રિપીટ કરવામાં આવ્યા છે. સાથે કહી શકાય કે દક્ષાબેન વાઘેલા તથા સંજય સાગઠીયાના નામો પર મંજુરીની મ્હોર પણ લગાવવામાં આવી છે.

આ વખતે અનેક યુવાઓને પણ તક અપાઈ છે. જેમાં યુવા મોરચાના પૂર્વ અધ્યક્ષ અને વર્તમાન ઉપપ્રમુખ કિશન ટીલવાને પ્રદીપ ડવ સાથે વોર્ડ નં.૧૨માં ટિકીટ આપવામાં આવી છે. તેવી જ રીતે વોર્ડ નં.૧૩માં અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને યુવા મોરચાના કાર્યકર્તા મોહિતસિંહ જાડેજાને પણ ટીકીટ આપવામાં આવી છે. વોર્ડ નં.૧૪માં કેતન પટેલને પણ ભાજપે રિપીટ કર્યા છે.

યુવાઓને તો તક આપવામાં આવી પરંતુ ઘણા જુના આગેવાનોના નામ પણ પક્ષે કાપ્યા છે. વોર્ડ નં.૭માં નેહલ શુકલને ટિકીટ આપવામાં આવી નથી અને તેમની જગ્યાએ શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા શૈલેષભાઈ જાનીને તક આપવામાં આવેલી છે ત્યારે હાલ જે ઉમેદવારોના નામ નક્કી થયા છે તે અનુભવી અને યુવા નેતાઓનું મિશ્રણ કરવામાં આવ્યું હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઉભુ થયું છે. પૂર્વ કોર્પોરેટર નિતીન રામાણીની ટિકીટ કપાતા તેમના સમર્થકો શહેર ભાજપ કાર્યાલય ખાતે આવી પહોંચ્યા હતાં અને વિરોધ નોંધાવ્યો હતો.

### ધારાસભ્યો વચ્ચેની કથિત બઘડાટી-ગજગ્રાહના પગલે કોંગ્રેસ વોર્ડ ૩ ભાજપ પાસેથી આંચકી લ્યે તેવા સંજોગો

વોર્ડ નં.૩નું સમિકરણ ભાજપ માટે લાભદાયી નિવડશે કે કેમ ? તે અંગે અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે કારણ કે વોર્ડ નં.૩માં ધારાસભ્યો વચ્ચે થયેલી કથીત બઘડાટી, ગજગ્રાહ અને મજબૂત ટેકેદારોનેં ટિકીટ ન અપાવી શકવાની નિષ્ફળતાના કારણે ભાજપના હાથમાંથી વોર્ડ નં.૩ સરકી જાય તેવા સંજોગોનું નિર્માણ થયું છે. આ વોર્ડ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે તો ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ દ્વારા હેમુભાઈ પરમારનો આગ્રહ રાખવામાં આવ્યો હતો તો ટિકુભાઈ દ્વારા એડવોકેટ હરેશ પરસોંડા માટે લોબીંગ કરવામાં આવ્યું હતું. વોર્ડ નં.૩માં વધુ બુથ ધારાસભ્ય દર્શિતાબેન શાહના આવે છે ત્યારે તેઓએ ટિકુભાઈ એટલે કે નરેન્દ્રસિંહ જાડેજા અને એડવોકેટ હરેશ પરસોંડા માટે મહેનત કરી હતી. મળતી માહિતી મુજબ, એડવોકેટ હરેશ પરસોંડા બજરંગવાડીમાં પોતાની વકીલાતની પ્રેકટીશ કરી રહ્યા છે અને તેઓ કોળી સમાજમાં ખુબ સારી પ્રતિષ્ઠા ધરાવે છે. બન્ને બળીયાઓની લડાઈમાં સક્ષમ ઉમેદવધારને ટિકીટ મળી નથી. બીજી તરફ ઉદય કાનગડના ખાસ ટેકેદાર અને વોર્ડ નં.૩ના પાયાના કાર્યકર અને ૧૦૮ની ઉપમા ધરાવતા હેમુભાઈ પરમારને પણ ટિકીટ આપી નથી. તો બીજી તરફ વોર્ડ નં.૩માં ખુબ જ સક્રિય અને લોકો વચ્ચે રહેનારા પૂર્વ કોર્પોરેટર ગાયત્રીબા વાઘેલા, અતુલભાઈ રાજાણી માટે ઉજડા સંજોગોનું નિર્માણ થયું છે. વોર્ડ ૩ના મતદારો આજે પણ ૧૦૮ એવા અતુલ રાજાણી અને સતત સક્રિય એવા ગાયત્રીબા વાઘેલાની પ્રસંશનીય અને ઉમદા કામગીરીને ભુલ્યા નથી. છેલ્લા પાંચ વર્ષ વોર્ડ નં.૩ના નાગરિકોએ આ બન્ને કોર્પોરેટરોની ખુબ જ સક્રિયતાને યાદ કરી છે. વોર્ડ ૩માં કોંગ્રેસ પક્ષે બહુમતી મતદારો એવા કોળી અને ઠાકોર સમાજ ના મજબૂત નેતા ડી.પી.મકવાણાને ટીકીટ આપી છે ત્યારે વોર્ડ ૩માં કોંગ્રેસની પેનલ અત્યંત મજબૂત ગણાય છે ત્યારે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ તથા ઉદયભાઈ કાનગડ વચ્ચેની કથીત બઘડાટી, ગજગ્રાહ અને મજબૂત ટેકેદારોને ટીકીટ ન અપાવી શકવાની નિષ્ફળતા ભાજપના હાથમાંથી વોર્ડ આંચકી લે તેવી શકયતાઓને નકારી ન શકાય. ભાજપની આંતરીક હુસાતુસી, નગરસેવકોની સતત નિષ્ક્રીયતા અને વોડ ૩ના નાગરિકોએ છેલ્લા પાંચ વર્ષમાં ભોગવેલી હાડમારીની અસર મત પેટીમાં જોવા મળે તો નવાઈ નહીં.

### ભાજપે રિપીટ કરેલા ૨૧ નેતાઓની યાદી

મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને લઈ પ્રદેશ ભાજપ દ્વારા ૭૨ ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી છે જેમાં ૨૧ નેતાઓને રિપીટ કરવામાં આવ્યા છે તેમાં પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, પૂર્વ ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, મીનાબા જાડેજા, અલ્પાબેન દવે, કંકુબેન ઉધરેજા, કાળુભાઈ કુગશીયા, રશીલાબેન સાકરીયા, દિલીપભાઈ લુણાગરીયા, પરેશભાઈ પીપળીયા, હિરેન ખીમાણીયા, વર્ષાબેન પાંધી, દક્ષાબેન વસાણી, જયોત્સનાબેન ટીલાળા, ભારતીબેન પાડલીયા, મિતલબેન લાઠીયા, સોનલબેન સેલાળા, કેતનભાઈ પટેલ, રૂચિતાબેન જોષી, કિર્તીબા રાણા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા અને સંજયસિંહ રાણાને રિપીટ કરાયા છે.

### ભાજપે અનેક દિગ્ગજોની કાપી ટિકીટ

પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા, પૂર્વ સ્ટે.ચેરમેન જૈમીન ઠાકર, પૂર્વ દંડક મનીષ રાડિયા, નેહલ શુકલ, લીલુબેન જાદવ, વિનુ ધવા, સુરેન્દ્રસિંહ વાળા, નિતીન રામાણી, જયાબેન ડાંગર અને નિલેશ જલુ સહિતના અનેક દિગ્ગજ નેતાઓને ટિકીટ આપી નથી.

| વોર્ડ | અનામત | નામ |
|---|---|---|
| વોર્ડ ૧ | ઓબીસી મહિલા | અંજના મોરજરીયા |
| | સામાન્ય મહિલા | સેજલબેન ચૌધરી |
| | સામાન્ય | જયરાજસિંહ જાડેજા |
| | સામાન્ય | પરેશ ઠાકર |
| વોર્ડ ૨ | એસ.સી.મહિલા | દક્ષાબેન વાઘેલા |
| | સામાન્ય મહિલા | મીનાબા જાડેજા |
| | ઓબીસી | ડો.શૈલેષ વસાણી |
| | સામાન્ય | ધૈર્ય પારેખ |
| વોર્ડ ૩ | સામાન્ય મહિલા | અલ્પાબેન દવે |
| | સામાન્ય મહિલા | હિનાબેન બેલાણી |
| | ઓબીસી | અજય મજેઠીયા |
| | સામાન્ય | નરેન્દ્રસિંહ જાડેજા |
| વોર્ડ ૪ | ઓબીસી મહિલા | કંકુબેન ઉધરેજા |
| | સામાન્ય મહિલા | રાજેશ્વરીબેન માલવીયા |
| | સામાન્ય | ભરતભાઈ લીંબાસીયા |
| | સામાન્ય | કાળુભાઈ કુગશીયા |
| વોર્ડ ૫ | સામાન્ય મહિલા | રસીલાબેન સાકરીયા |
| | સામાન્ય મહિલા | સ્મીતાબેન ગોહેલ |
| | ઓબીસી | સંજયભાઈ ચાવડા |
| | સામાન્ય | દિલીપભાઈ લુણાગરીયા |
| વોર્ડ ૬ | એસ.સી.મહિલા | ધર્મિષ્ઠાબેન પરમાર |
| | સામાન્ય મહિલા | પૂનમબેન મોરવાડીયા |
| | ઓબીસી | અનિલભાઈ ચૌહાણ |
| | સામાન્ય | પરેશભાઈ પીપળીયા |
| વોર્ડ ૭ | ઓબીસી મહિલા | ખ્યાતીબેન ગોહેલ |
| | સામાન્ય મહિલા | વર્ષાબેન પાંધી |
| | એસ.ટી. | દર્શન પેગ્યાતર |
| | સામાન્ય | શૈલેષભાઈ જાની |
| વોર્ડ ૮ | સામાન્ય મહિલા | કિરણબેન માકડીયા |
| | સામાન્ય મહિલા | રિટાબેન સખીયા |
| | ઓબીસી | પ્રવિણ સેગલીયા |
| | સામાન્ય | મનીષભાઈ ભટ્ટ |
| વોર્ડ ૯ | ઓબીસી મહિલા | જાનકીબેન કાટોળીયા |
| | સામાન્ય મહિલા | દક્ષાબેન વસાણી |
| | એસ.સી. | રાજુભાઈ અઘેરા |
| | સામાન્ય | જયસુખભાઈ કાથરોટીયા |
| વોર્ડ ૧૦ | સામાન્ય મહિલા | નિતાબેન લાલ |
| | સામાન્ય મહિલા | જયોત્સનાબેન ટીલાળા |
| | ઓબીસી | ઘનશ્યામભાઈ હેરભા |
| | સામાન્ય | અશ્વિનભાઈ ભોરણીયા |
| વોર્ડ ૧૧ | સામાન્ય મહિલા | ભારતીબેન પાડલીયા |
| | સામાન્ય મહિલા | મિતલબેન લાઠીયા |
| | ઓબીસી | રક્ષીત કલોલા |
| | સામાન્ય | મહેશ પીપળીયા |
| વોર્ડ ૧૨ | સામાન્ય મહિલા | કિરણબેન હરસોડા |
| | સામાન્ય મહિલા | જયશ્રીબેન જાડેજા |
| | ઓબીસી | પ્રદીપભાઈ ડવ |
| | સામાન્ય | કિશન ટીલવા |
| વોર્ડ ૧૩ | ઓબીસી મહિલા | માધવીબેન બદ્રકીયા |
| | સામાન્ય મહિલા | સોનલબેન સેલારા |
| | સામાન્ય | પંકજભાઈ લુણાગરીયા |
| | સામાન્ય | મોહિતસિંહ જાડેજા |
| વોર્ડ ૧૪ | ઓબીસી મહિલા | ચંદાબેન વાળા |
| | સામાન્ય મહિલા | અરૂણાબેન આડેસરા |
| | સામાન્ય | હિરેન ખીમાણીયા |
| | સામાન્ય | કેતન પટેલ |
| વોર્ડ ૧૫ | ઓબીસી મહિલા | હેતલબેન કુમારખાણીયા |
| | સામાન્ય મહિલા | પુજાબેન સોલંકી |
| | ઓબીસી | નિલેશ હેરભા |
| | સામાન્ય | મૌલીકભાઈ પરમાર |
| વોર્ડ ૧૬ | ઓબીસી મહિલા | જયાબેન હુંબલ |
| | સામાન્ય મહિલા | રૂચિતાબેન જોષી |
| | એસ.સી. | ઉમેશભાઈ વાઘેલા |
| | સામાન્ય | રાજેશભાઈ લીલા |
| વોર્ડ ૧૭ | સામાન્ય મહિલા | કિર્તીબા રાણા |
| | સામાન્ય મહિલા | રસીલાબેન વૈશ્નવ |
| | ઓબીસી | કૌશિક ટાંક |
| | સામાન્ય | રિંકલભાઈ મેઘાણી |
| વોર્ડ ૧૮ | ઓબીસી મહિલા | દક્ષાબેન વાઘેલા |
| | સામાન્ય મહિલા | ભારતીબેન પરસાણા |
| | એસ.સી. | સંજયભાઈ સાગઠીયા |
| | સામાન્ય | સંજયસિંહ રાણા |

**અનેક વોર્ડમાં અસંતોષની લાગણી : ટિકીટ કપાતા પૂર્વ કોર્પોરેટરના સમર્થકોનો મોરચો કમલમ ખાતે પહોંચ્યો : શહેર ભાજપ પ્રમુખ, પૂર્વ પ્રમુખ, પૂર્વ સ્ટે.ચેરમેન તેમજ મહામંત્રીઓની હાજરીમાં નિતીન રામાણી સાથે ૧૫ મીનીટ બંધ બારણે બેઠક**

# રાજકોટ જિ.પં.ની ૩૩ બેઠકોના ઉમેદવારો મેદાને

## ૨૯ બેઠકોમાં ફેરફાર આવતાં અનેક દિગજ નેતાઓના નામ કપાયા : યુવાઓને મળી તક, લોધિકા બેઠક પર ધીરુભાઈ સરવૈયાના પુત્રને મળી તક



દિલીપ સરવૈયા
બેઠક - લોધિકા



યુવરાજ ખાટરીયા
બેઠક - કોટડાસાંગાણી



રાજુભાઈ ડાંગર
બેઠક - મોવીયા



સુમીતાબેન ચાવડા
બેઠક - બેડી

રાજકોટ, તા. ૧૦

પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા અનેકવિધ જિલ્લા પંચાયતના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે તેમાં રાજકોટ જિલ્લા પંચાયતની ૩૩ બેઠકો પરના ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે જેમાં બેડલા, કુવાડવા અને શિવરાજપુર બેઠકના ઉમેદવારો હાલ જાહેર કરવાના બાકી છે. તો બીજી તરફ બેડી બેઠક પર સુમિતાબેન ચાવડાને રીપીટ કરવામાં આવ્યા છે તો જ્યારે પૂર્વ ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગરને રીપીટ કરી મોવિયા બેઠક પર ઉમેદવાર બનાવ્યા છે અગાઉ તેવો દેરડી બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. તો હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયા ના પુત્ર દિલીપ સરવૈયા ને લોધિકા બેઠક પરથી ચૂંટણી લડાવવાનો નિર્ણય ભાજપે કર્યો છે. દાવેદારી દરમિયાન અનેકવિધ કદાવર આગેવાનોએ પોતાની દાવેદારી નોંધાવી હતી અને ભરોસો પણ હતો કે પાર્ટી તેઓને ટિકિટ આપશે પરંતુ જે ૩૩ બેઠકો ની યાદી જાહેર કરવામાં આવી છે તેમાં મોટાઓના નામ કાપવામાં આવ્યા છે અને વધુને વધુ યુવાઓને તક આપવામાં આવી હોવાનું પણ જાણકાર વર્તુળો કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં ૨૧ બેઠક બિન અનામત સામાન્ય ત્યારબાદ ચાર બેઠક અનુસૂચિત જાતિ અને એક બેઠક અનુસૂચિત જનજાતિ જાહેર કરવામાં આવી છે જેમાં ૧૦ બેઠક સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ એટલે કે ઓબીસી માટે પણ અનામત રાખવામાં આવી છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા જે રોસ્ટર જાહેર કરવામાં આવ્યું તેનાથી અનેકવિધ પૂર્વ અને ખંધા રાજકારણીઓ માટે સારા ચિન્હો દેખાતા ન હતા કારણ કે તેઓને અન્ય બેઠક ઉપરથી ચૂંટણી લડાવવામાં આવે તેવી વાત વાયુવેગે ફેલાઈ હતી જેને લઇ દાવેદારી કરવામાં અનેક જૂના રાજકારણીઓ આગળ આવ્યા ન હતા પરંતુ જે જે દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી તેમાં ઘણા ખરા પૂર્વ ચૂંટાયેલા સભ્યો પણ હતા પરંતુ તેમના પત્તા કપાઈ ગયા છે તેવું ચિત્ર ઊભું થયું છે.

રાજકોટ જિલ્લા પંચાયતમાં ૨૧ બેઠક બિન અનામત સામાન્ય, ૧૦ બેઠક સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ(ઓબીસી), ૪ બેઠક અનુસૂચિત જાતિ અને ૧ બેઠક અનુસૂચિત જનજાતિની જાહેર કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે બેઠકોનું રોટેશન કરતા પ્રમુખ અને કારોબારી ચેરમેન સહિત પદાધિકારીના પતા કપાયા છે. જો કે ઉપપ્રમુખ રાજેશભાઈ ડાંગરને આ વખતે દેરડીના બદલે મોવિયા બેઠક પરથી ઉમેદવાર બનાવી ચૂંટણી લડાવવા જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા પંચાયતમાં સ્ત્રીઓ માટે બિન અનામત સામાન્ય બેઠકમાંથી ૧૦, ઓબીસીની ૫, અનુસૂચિત જાતિની ૨ અને અનુસૂચિત જનજાતિની ૧ મળી કુલ ૧૮ બેઠક અનામત રાખવામાં આવી છે. જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકમાંથી માત્ર ૭ બેઠક ગત વખતની જેમ યથાવત રાખવામાં આવી છે જ્યારે ૨૯ બેઠકમાં ફેરફાર કરવામાં આવતા પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, કારોબારી ચેરમેન પી.જી.કિયાડા, પૂર્વ પ્રમુખ ભૂપત બોદર, પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા સહિતના ધુરંધરો કપાઈ ગયા છે.

રાજકોટ જિલ્લા પંચાયતમાં પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન અને પૂર્વ વિપક્ષ નેતા પણ રહી ચૂકેલા અર્જુન ખાટરિયાનું પત્તુ કપાઈ ગયું છે. અર્જુન ખાટરીયા ૨૫ વર્ષ સુધી કોંગ્રેસમાં રહ્યા બાદ ગત લોકસભા ચૂંટણી પહેલા વર્ષ ૨૦૨૪માં તેઓએ કેસરિયો ધારણ કરી ભાજપમાં પ્રવેશ કર્યો હતો. તેઓ સતત ચાર ટર્મથી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવતા હતા જો કે ભાજપમાં પ્રવેશ બાદ આ વખતે તેમની બાદબાકી કરવામાં આવી છે. ગત ૨૦૨૧ની જિલ્લા પંચાયતની ચૂંટણીમાં જનરલ બેઠકો પુરુષ ૧૩, સ્ત્રી ૧૪ હતી જેમાંથી જનરલ પુરુષમાંથી ૫ અને સ્ત્રીઓમાંથી ૪ મળી કુલ ૯ બેઠક પરથી ઓબીસીને લડાવવામાં આવ્યા હતા અને તેઓ ચૂંટાયા હતા. જરાજકોટ જિલ્લા પંચાયતમાં ૨૦૧૫માં ૬૬.૬૪ ટકા અને ૨૦૨૧માં ૬૩.૩૦ ટકા મતદાન થયું હતું. જ્યારે રાજકોટ જિલ્લા પંચાયતમાં ૨૦૧૫માં ભાજપને ૨ અને કોંગ્રેસને ૩૪ બેઠક મળી હતી. રાજકોટ જિલ્લા પંચાયતમાં ૨૦૧૫માં ૬૬.૬૪ ટકા અને ૨૦૨૧માં ૬૩.૩૦ ટકા મતદાન થયું હતું. વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં રાજકોટ જિલ્લા પંચાયતમાં ભાજપને ૨૫ અને કોંગ્રેસને ૧૧ બેઠક મળી હતી. આ ઉપરાંત રાજકોટની ૧૧ તાલુકા પંચાયતમાં પણ ભાજપે ભગવો લહેરાવ્યો હતો. જો કે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા પોતાનો ગઢ સાચવી શક્યા ન હતા જેમાં જસદણ તાલુકા પંચાયતમાં કોંગ્રેસને ૧૦ અને ભાજપને ૬ બેઠક મળી હતી. જ્યારે વીંછિયામાં ૧૪ કોંગ્રેસને અને ભાજપને ૪ બેઠક મળી હતી. જ્યારે ગોંડલ નગરપાલિકામાં ભાજપે તમામે તમામ ૪૪ બેઠક પર જીત મેળવી હતી. બીજી તરફ, જામકંડોરણા તાલુકા પંચાયતમાં પણ કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં હતા અને ભાજપે તમામ ૧૬ બેઠક પર વિજય મેળવ્યો હતો.

ત્યારે આ તમામ ઉમેદવારો આજે પોતાનું નામાંકન પત્ર રજુ કરશે તો સામે ઘણા ઘણા જુના અને દિગજ નેતાઓ પાર્ટીના નિર્ણયથી ના ખુશ થયા હોય તેવું લાગી રહ્યું છે. કારણકે ઘણા ખરા નેતાઓને અપેક્ષા ન હતી કે તેમના નામ કપાશે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અને યુવાઓને વધુ તક આપવાના વિચારથી પક્ષ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.